**સુવિચાર**
જે સંઘર્ષ કરીને હરેક કદમ પર મર્દાનગીથી ટક્કર લે છે તે કારકિર્દી બનાવે છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૮/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૧૦

## થોડા દિવસો પહેલા ત્રણ શાળાની અનિયમિતતા બાદ વધુ એક શાળા પ્રકાશમાં આવી

# સાવરકુંડલામાં ખાનગી શાળાઓમાં અનિયમિતતા હારમાળા

**સંચાલકનાં રહેણાંક મકાનનાં એક રૂમમાં ૧થી ૮નાં વર્ગ ચાલે અને તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર અર્ધો ડઝન**

**ભણે ગુજરાત, શાળા પ્રવેશોત્સવ જેવા તાયફાઓ બાદ પણ શિક્ષણની હાલત દયનીય બની**

**શિક્ષણ વિભાગનાં અધિકારીઓ લાજ કાઢીને શું કામ ફરજ બજાવે છે શિક્ષણપ્રેમીઓ સમજી શકતા નથી**

**શિક્ષણ ચેરમેન, ધારાસભ્ય અને સાંસદ કક્ષાનાં પદાધિકારી તપાસ કરે તેવી માંગ**




**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલામાં જાણે શૈક્ષણિક ભ્રષ્ટાચારનો ભોરીંગ ઠેક ઠેકાણે ફૂંફાડા મારી રહ્યો હોય તેવું લાગે છે. હજી થોડા દિવસો પહેલા ત્રણ ખાનગી પ્રાથમિક શાળાઓની ગેરરીતી બહાર આવી હતી ત્યાં તો આજે એક ચોથી શાળા જેનું નામ જ્ઞાનગંગા પ્રાથમિક શાળા પરિમલ સોસાયટી નેસડી રોડ ઉપર આવેલી છે તેની પત્રકાર જગતે પોલ ખોલી નાખી છે. ધોરણ ૧થી ધોરણ ૮ની આ શાળા સંચાલક ચોટલીયા જે પોતાના પરિવાર સાથે જે રહેણાંકમાં રહે છે તેમાં માત્ર એક જ ઓરડામાં આખે આખી પ્રાથમિક શાળા ધોરણ ૧ થી ૮ સુધીની ચાલે છે. આજે તપાસ કરતાં શાળાનું બિલ્ડીંગ તો ખુલ્લું જ હતું છ બાળકો લોબીમાં નાસ્તો કરી રહ્યા હતા. પૂછપરછ કરતાં બાળકોએ જણાવ્યું કે ચોટલીયા તો અમદાવાદ ગયા છે અમને જે ભણાવે છે તે દિવ્યતા મેડમ પિકનિક પર ગયા છે અમને કહ્યું કે તમે નાસ્તો કરી ઘેર જતા રહેજો. હવે આખી બિલ્ડિંગમાં મોટી દીકરી પણ હતી જે ધોરણ આઠમાં અભ્યાસ કરે છે તે પણ અહીં એકલી હતી બાકીના ધોરણ ૧ થી ધોરણ ૬ ના પાંચ નાના વિદ્યાર્થીઓ હાજર હતા. કોઈ દેખરેખ વગર, જવાબદાર કોઈ હાજર નહીં

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ

# APMT પિપાવાવે નવો બેન્ચમાર્ક પ્રસ્થાપિત કર્યો જહાજ પર પ્રતિ કલાક ૨૦૦ PMPHનું હેન્ડલિંગ

**પિપાવાવ પોર્ટ ૨૦૦ PMPHની પ્રતિષ્ઠિત કલબમાં જોડાઈ : પોર્ટનાં ઈતિહાસમાં મહત્વપૂર્ણ સિધ્ધિ**



પિપાવાવ, તા. ૧૮

ભારતનાં અગ્રણી ગેટવે પોર્ટસમાં સ્થાન પામતા એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ (GPPL) એ પોર્ટ કામગીરીનાં ઈતિહાસમાં પ્રથમ વાર એક જ જહાજ પર ૨૦૦ પોર્ટ મુવ્સ પર અવર (PMPH) સફળતાપૂર્વક હાંસલ કરીને અગાઉનાં રેકોર્ડસ તોડયા છે. આ સિધ્ધિ પોર્ટની કામગીરીની ઉત્તમ યાત્રામાં મહત્વપૂર્ણ સીમાચિહન છે, જે અતુલનીય સેવા પુરી પાડવામાં તેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

૧૭ ઓગષ્ટ ૨૦૨૩નાં રોજ પોર્ટે જહાજ MOL એન્ડોવમેન્ટ પર ૮૮૦ મુવ્સ હાંસલ કરીને ૨૧૫.૫૧નો આકર્ષક PMPH રેટ નોંધાવ્યો હતો. આ સિધ્ધિમાં ૫૨.૫૯ ક્રેન મુવ્સ પર અવર (CMPH) નો સમાવેશ થાય છે અને ૨૩ મિનિટ વેસલ આઈડલ ટાઈમ VITની બચત થઈ હતી. આને કારણે તેની બેઝલાઈનની સરખામણીમાં ૯.૦૯ પોર્ટ અવર્સની બચત થઈ હતી. આને પરિણામે વેસલ ટર્નઅરાઉન્ડ ટાઈમ અગાઉનાં કોલ કરતા ૬૯ ટકા સુધર્યો હતો જે વેસલ કામગીરીના સંચાલનમાં એપીએમ ટર્મિનલ પિપાવાવની અતુલનીય કાર્યક્ષમતા પ્રદર્શિત કરે છે.

આ સફળતા પોર્ટ પર કાર્યરત ટીમનું ચોકકસાઈપૂર્વકનું આયોજન, નિર્વિરોધ અમલીકરણ અને સહિયારા પ્રયત્નોનું પ્રતિબિંબ છે. તે ગ્રાહકને સારો અનુભવ પૂરો પાડવા, ટર્નએરાઉન્ડ ટાઈમ ઘટાડવા અને સંસાધન વપરાશ મહત્તમ કરવાનાં પોર્ટનાં ફોકસને વધારે છે.

એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ ખાતે મેનેજિંગ ડિરેકટર ગિરિશ અગરવાલે જણાવ્યું હતું કે, "આ નોંધપાત્ર સિધ્ધિનો શ્રેય અમારા કર્મચારીઓને જાય છે, જેમણે આ મહત્વાકાંક્ષી સફળતા હાંસલ કરવા માટે સંગઠન, સમર્પિતતા અને પ્રતિબધ્ધતા સાથે કામ કર્યુ. ખાસ કરીને, અમારી મરીન, ઓપરેશન, એસેટ મેનેજમેન્ટ અને અન્ય ટીમોનો ખાસ આભાર માનીએ છીએ, જેમના સહિયારા પ્રયાસોએ આ સિધ્ધિ શકય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી."

**અનુસંધાન પાના ૬ ઉપર**

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



### અમરેલી નજીક આવેલ

# જાવીયા ગામની સીમમાં તીનપત્તીનો જુગાર રમતા ૫ પત્તાપ્રેમી ઝડપાયા

### પોલીસે પટ્ટમાંથી રોકડ રકમ રૂા. ૨૧ હજારની મત્તા કબ્જે લીધી

અમરેલી, તા. ૧૮

જુનાગઢ જિલ્લાનાં ભેંસાણ તાલુકાનાં ખારા હડમતીયા ગામે રહેતા બદરૂભાઈ ભાયાભાઈ હુદડ સહિત ૫ જેટલા ઈસમો ગઈકાલે રાત્રીનાં સમયે અમરેલી તાલુકાનાં જાવીયા ગામથી કમીગઢ જવાનાં માર્ગ ઉપર ખુલ્લી પડતર જમીનમાં હાથબતીનાં અજવાળે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૨૧૦૯૦ની મતા સાથે તમામ ૫ આરોપીને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલામાં ચોરીનાં બાઈક સાથે આરોપીની અટકાયત



અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ મિલ્કત સંબધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં અને વણ શોધાયેલ ગુનાનો ભેદ ઉકેલવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. સી.એસ. કુગસીયાની રાહબરી હેઠળ ગત તા. ૩૦નાં રોજ ઉપરોક્ત ગુનાને અંજામ આપી નાસી ગયેલ આરોપીની તપાસ કરનાર બી.એમ. વાળા તથા સ્ટાફે ચોરી થયેલ સ્થળ નજીકના સી.સી.ટી.વી કેમરાના ફુટેઝ તથા વાહનોના નંબરો પોકેટ કોપ મોબાઈલમાં સર્ચ કરી, તેમજ ખાનગી બાતમીદારો મારફતે આરોપી અંગે ચોકકસ બાતમી મેળવી, મોટરસાયકલ ચોરીના ગુનાને અંજામ આપનાર આરોપી મનિષકુમાર પૃથ્વીરાજભાઈ ગોસાઈ (ગીરી) રહે. રાજુલાને ચોરીમાં ગયેલ મોટર સાયકલ સાથે ગણતરીના દિવસોમાં પકડી પાડી મોટર સાયકલ ચોરીનો ભેદ ઉકેલી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

### પોલીસ જનતાનો મિત્ર એ સુત્ર સાર્થક કરતી નવા બંદર પોલીસ

# ઉના : રખડતું ભટકતું જીવન જીવતા યુવકનો પરિવાર સાથે કરાવ્યો ભેટો

### પરિવારમાં ભાવુકતાનાં દ્રશ્યો સર્જાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

સૈયદ રાજપરા ગામે અજાણ્યો યુવક રખડતું ભટકતું જીવન જીવતો હતો. જેની નવાબંદર મરીન પોલીસ સ્ટાફે પૂછપરછ કરતાં યૂવક આંતર રાજયનો હોવાનું પોલીસને જણાવ્યું હતું. જે બાદ યુવક જે વિસ્તારમાં રહેતો હતો તે વિસ્તારના સ્થાનિક પોલીસ મથક તેમજ ગામના સરપંચ સાથે ટેલીફોનીક વાતચીત કરી યુવક તે વિસ્તારનો છે કે નહિ ? તેની તપાસ કરી નવા બંદર મરીન પોલીસે પૈસા તેમજ જમવાની સુવિધા કરી હતી.

ઉનાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા સૈયદ રાજપરા ગામે અજાણ્યો યુવક રખડતું ભટકતું જીવન જીવતો હતો. જેની નવાબંદર મરીન પોલીસ સ્ટાફે પૂછપરછ કરતાં યૂવક આંતર રાજયનો હોવાનું પોલીસને જણાવ્યું હતું. જે બાદ યુવક જે વિસ્તારમાં રહેતો હતો તે વિસ્તારના સ્થાનિક પોલીસ મથક તેમજ ગામના સરપંચ સાથે ટેલીફોનીક વાતચીત કરી યુવક તે વિસ્તારનો છે કે નહિ ? તેની તપાસ કરી નવાબંદર મરીન પોલીસે પૈસા તેમજ જમવાની સુવિધા કરી યુવકને પોતાના વતન રવાના કરતા યુવકના પરિવારમાં ભાવુકતાના દ્રશ્યો સર્જાયા હતા.

માનવતા સાથે પોલીસ ફરજની સુગંધ મહેકાવતો કિસ્સો ઉનાના નવા બંદર મરીન પોલીસમાં જોવા મળ્યો છે. ૧૫ દિવસ પૂર્વે નવીન લાડકભાઈ બારગા મહારાષ્ટ્ર રાજયનો યુવક પોરબંદર ખાતે મજૂરીનું કામ કરવા આવેલ હોય પરંતુ આ યુવકે ૧૨ દિવસ સુધી કામ કરતા તેમને આ મજૂરીના કામમાં મન ન લાગતા ૫૦૦ રૂપિયા જેટલી રકમ લઈ યુવક પોરબંદરથી ઉના દીવ તરફની બસમાં બેસી ઉના તરફ આવી ગયો હતો.

આ યુવક ઉનાના નવા બંદર મરીન પોલીસ સ્ટેશનની હદમાં આવતા સૈયદ રાજપરા ગામ વિસ્તારમાં રખડતું ભટકતું જીવન જીવતો હતો. ત્યારે નવા બંદર મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એસ. ગોહિલ, હેડ કોન્સ્ટેબલ શૈલેષ બાબરીયા, પોલીસ કોન્સ્ટેબલ ભીખુસા બચુશા જુણેજા સહિતનાઓ સૈયદ રાજપરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય. ત્યારે આ યુવકની પોલીસે સામાન્ય પૂછપરછ કરી નવાબંદર મરીન પોલીસ મથકે લઈ જઈ વધુ પૂછપરછ કરતા યુવક મહારાષ્ટ્રના ધીમણીયા પારસપાડા ગામનો હોવાનું પોલીસને જણાવતા નવાબંદર પોલીસે તલાસરી પોલીસ મથકનો ટેલીફોનીક સંપર્ક કરી ધીમણીયા પારસપાડા ગામના સરપંચ સાથે વાતચીત કરતા આ યુવક ધીમણીયા પારસપાડા ગામનો જણાઈ આવેલ હતો. યુવક નવાબંદર પોલીસ મથકે હતો ત્યારે પોતે ભૂખ્યો–તરસ્યો અને નિરાશ થયેલ જોવા મળતા પોલીસે યુવકની રહેવા– જમવા તેમજ પોતાના વતન જવું હોય તેના માટેની વ્યવસ્થા કરી હતી અને ઉના બસ સ્ટેશન પરથી તેમના ગામ તરફ જતી બસમાં બેસાડી દેવામાં આવ્યો હતો.

ત્યારે પોલીસ પ્રજાનો મિત્ર એ સૂત્ર નવાબંદર મરીન પોલીસે સાર્થક કરી બતાવતા રખડતું ભટકતું જીવન જીવતા યુવકના પરિવારને યુવક પોતાના વતન તરફ આવતો હોવાની જાણ થતા પરિવારમાં ભાવુકતાના દ્રશ્યો સર્જાયા હતા. ત્યારે પરિવારે ધાર્યુ ન હતું કે નવીન પાછો આવશે. પરંતુ નવાબંદર પોલીસની કામગીરીને ઉના નવા બંદરના લોકો બિરદાવી રહ્યા છે અને પોલીસ ખરેખર પ્રજાનો મિત્ર છે એ સુત્ર સાર્થક થયું છે.

### મીડિયામાં અહેવાલ બાદ સ્વચ્છતા અભિયાન શરૂ થયું

# ઉનાનાં એસ.ટી. ડેપોમાં સફાઈ દરમિયાન દારૂની ખાલી બોટલો પણ જોવા મળી

### ડેપો મેનેજરે મીડિયાકર્મી સમક્ષ લુલો બચાવ કર્યો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ઉના એસ.ટી. બસ સ્ટેન્ડમાં ડ્રાઈવર, કંડકટરના આરામ ગૃહ, પાણીના પરબ ખંઢેર હાલતમાં, જાહેર દીવાલો પર સ્ટિકરો ચોંટાડેલ હોય, દીવાલો પર પાનની પીચકારી મારવામાં આવેલી હોય. ત્યારે ઉના એસ.ટી. ડેપો મેનેજર રાઠોડને ઉચ્ચ અધિકારીઓની સૂચના મળતા મોડી રાત સુધી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ અમરેલી વિભાગના ડી.સી. ઉના ખાતે તપાસ કરવા આવતા હોય તેની ડેપો મેનેજરને એક દિવસ પૂર્વે માહિતી મળતા જ ઉના બસ સ્ટેન્ડમાં જોરશોર સફાઈ કામગીરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમજ ડ્રાઈવર–કંડકટરના આરામગૃહોમાં સાફ–સફાઈ કરતી વખતે ડ્રાઈવર–કંડકટરના આરામ ગૃહમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવેલ હતી તેવું ઉના ડેપો મેનેજર રાઠોડ દ્વારા મૌખિક જણાવવામાં આવ્યું હતું. જયારે મિડીયા કર્મી દ્વારા ઈન્ટરવ્યૂ લેતી વખતે આ અંગે પુછવામાં આવતા ડેપો મેનેજર એલ.ડી. રાઠોડે તેમનો લૂલો બચાવ કરવા કેમેરા સમક્ષ મૌન સેવ્યું હતું અને જણાવ્યું હતુ કે આ દારૂની બોટલ બસ સ્ટેન્ડ કમ્પાઉન્ડમાંથી મળી આવેલ હતી પરંતુ કોઈ માલિકીમાંથી મળેલ નથી તેવું જણાવ્યું હતું.

ત્યારે ગઈ કાલ સાંજથી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ હજુ પણ અનેક જગ્યાઓ પર વરસાદી પાણીના ખાબોચિયા તેમજ મચ્છરોના ઉપદ્રવ જોવા મળ્યા હતા. ત્યારે ઉનાના એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તારના વર્કશોપ વિસ્તારમાં અનેક સ્થળો પર ચોમાસી સીઝનમાં ઉગી નીકળેલ લીલા ઘાસમાં મચ્છરોનો ઉપદ્રવ અનેઠેર ઠેર કચરો હોઈ તેને સાફ કરી દવાનો છંટકાવ કરવામાં આવે તેવી વિદ્યાર્થીઓ, મુસાફરો તેમજ એસ.ટી. કર્મચારીઓ દ્વારા માંગ કરવામાં આવી હતી.

ઉના બસ ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ દ્વારા મોટા ઉપાડે મીડિયા કર્મીઓને જણાવાયું હતું કે, બસ સ્ટેશનમાં આવેલ આરામ ગૃહમાંથી સફાઈ કામગીરી દરમિયાન દારૂની ખાલી બોટલો મળી આવી હતી. જયારે આ અંગે કેમેરા સમક્ષ બોલવાનું કહેતા પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે આ બોટલો કોઈ માલિકીની જગ્યામાંથી મળેલ નથી જેથી કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી છે પરંતુ ઉનાના એસ.ટી. બસ સ્ટેશનમાં આવેલ ડ્રાઈવર–કંડકટરના આરામ ગૃહમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવતા જણાઈ આવે છે કે અહીંયા પણ દારૂની મહેફિલો થતી હશે કે કેમ ?

## શું કહે છે ભરત કામળીયા સૈયદ રાજપરા ગામના સરપંચ

હું છેલ્લા ઘણા દિવસોથી બસમાં આવનઅજાવન કરૂં છું જે ૧૫ થી ૨૦ દિવસ પહેલા આ બસ સ્ટેશનની પરિસ્થિતિ હતી જે ગંદકીમય હતું, નળ, સફાઈની બાબતમાં ત્યારે આજે હું બસમાંથી ઉતરતા નવાઈ જોવા મળી હતી અને અહીં ઉનાના બસ સ્ટેશનમાં કોઈ અધિકારીઓ આવતા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ઉનાના બસ સ્ટેશનમાં આવી રીતે દરરોજની સફાઈ રહે તો મુસાફરોને સારી સુવિધાનો લાભ મળે. ત્યારે ઉનાના બસ સ્ટેશનમાં આવી રીતે દરરોજ સાફ–સફાઈ કરવામાં આવે તેવું ઈરછી રહ્યા છીએ.

## શું કહે છે રસિક ચાવડા સામાજિક કાર્યકર

છેલ્લા ઘણા સમયથી ઉનાનું એસ.ટી. નું વહીવટી તંત્ર કથળેલું હોય ત્યારે સમાચાર માધ્યમોમાં અહેવાલ પ્રસિદ્ધ થતા એસ.ટી.ના વહીવટી કામગીરીની પોલ ખૂલી ગઈ હતી. ઠેર ઠેર ગંદકીઓ, નળ બંધ, એસ.ટી.ના આરામ ગૃહમાં પાણીની સમસ્યા આવી અનેક સમસ્યાઓને કારણે ઉના એસ.ટી. તંત્રનો અંધેર વહીવટ લોકો સમક્ષ આવ્યો હતો. જેના સમાચાર પ્રસિદ્ધ થતા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ઉનાની મુલાકાતે આવનાર હોય. ત્યારે ઉના એસ.ટી.ના અધિકારીઓએ સફાળે જાગી તાત્કાલિક સાફ–સફાઈ કરવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે આવી અનેક રજૂઆતો કરવા છતાં કામગીરીઓ કરવામાં ન આવતા એસ.ટી. વિભાગના ઉચ્ચકક્ષાના અધિકારીઓ આવતા આ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# વઢેરા ગામે ઢીહા વિસ્તારમાં વન્યપ્રાણી સસલાનો શિકારનો પ્રયાસ કરનાર ૩ શખ્સો ઝડપાયા



અમરેલી, તા. ૧૮

જાફરાબાદ બીટમાં આવેલા વઢેરા ગામે દરિયા કિનારે ઢીહા વિસ્તારમાં સાંજનાં સમયે વન્યપ્રાણી સસલાનો શિકાર કરવા માટે બાવળ કાટમાં જાળ ગોઠવી આજુ–બાજુનાં વિસ્તારમાંથી સસલાને તગેડી/ભગાડી જાળમાં ફસાવવા માટે બાંધેલ જાળ તરફ સસલાને દોડાવતા હતા અને શિકાર કરવાની કોશિસ કરતાં હતા. પરંતુ સસલા બીજી દિશામાં ભાગી જતાં હતા. આ પ્રવૃતિ સ્ટાફને ફેરણા દરમ્યાન ધ્યાને આવતા આ કૃત્ય કરનાર તહેમતદાર હરેશભાઈ અરજણભાઈ બારૈયા, અને કાળુભાઈ જીણાભાઈ ગુજરીયા, સોહેલ,સોહિલ હુસેનભાઈ શેખ, રહે.વઢેરા, તા. જાફરાબાદ એમ ત્રણએ એક સંપ કરી ગુન્હો આચરેલ છે. જેથી તેમનાં વિરૂધ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ– ૧૯૭૨ની કલમ–૨,૨ (૧૬)(૩૫), (૩૬), ૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪ મુજબ વનપાલ જાફરાબાદ દ્વારા રાઉન્ડ ગુ.નં.૦૧/૨૦૨૩–૨૪ ગુનો દાખલ કરી તપાસ કરવામાં આવેલ. જે તોમતદારોએ આ ગુન્હાની કબુલાત કરતા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે આરોપીઓ દ્વારા કરવામાં આવેલ આ કૃત્ય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ– ૧૯૭૨ ની જોગવાઈ મુજબ શિકાર સમાન ગુન્હો બને છે. જેથી ઉપરોકત ત્રણેય આરોપીઓ એડવાન્સ રિકવરી પેટે આરોપી દિઠ રૂા.૨૫,૦૦૦ દંડ એમ કુલ–૩ આરોપીઓ પાસેથી રૂા. ૭૫,૦૦૦ રકમ વસુલ કરવામાં આવેલ છે. અને ઉપરોકત ત્રણેય તહેમતદારને જામીન પર મુકત કરવામાં આવેલ છે.

વધુમાં અપીલ કરવામાં આવે છે કે આવી પ્રવૃતિના કરવા અપિલ કરવામાં આવે છે. વન્યપ્રાણીઓ માનવ જીવન માટે ખુબ જ મહત્વ ધરાવે છે. વન પ્રર્યાવરણ તથા વન્યજીવોનું રક્ષણ કરવું દરેકની ફરજ સમજી સંરક્ષણ કરવું તેવી અપીલ વન વિભાગ તરફથી કરવામાં આવે છે.

# ખાંભા : પે. સેન્ટર શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ખાંભા, તા. ૧૮

ખાંભા પે સે. કુમારશાળામાં ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બરાબર ૮ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમ થયા બાદ વાલીમીર્ટીંગ બીજા–ત્રીજા ક્રમાંકે આવનાર બાળકોને પધારેલા વાલીઓનાં હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ દરેક ધોરણનાં બાળકોએ સુંદર કૃતિઓ રજૂ કરેલ.

ધ્વજવંદનમાં પધારેલા વાલીઓનાં હસ્તે કરવામાં આવ્યું. શાળાનાં દિવ્યાંગ બાળકે પણ કૃતિમાં



ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી. તેમ ખાંભા પે.સે. આચાર્યની યાદી જણાવે છે.

### ડેપો મેનેજરનાં પ્રયાસથી

# બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લા ૪ દિવસથી સફાઈકાર્ય શરૂ

### મુસાફર વર્ગમાં ખુશીનો માહોલ

બગસરા, તા. ૧૮

બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લા ચાર દિવસથી સફાઈ અભિયાન હાથ ધરાયું છે જેમાં સમગ્ર શૌચાલયની સફાઈ તથા બગસરા બસ સ્ટેન્ડની સફાઈ કરવામાં આવી હતી. આ બાબતે વિભાગીય નિયામક ધામા તથા વિભાગીય પરિવહન અધિકારી કટારા મેડમ તથા બગસરા ડેપો મેનેજર એન.એસ. ગઢવીના પ્રયાસોથી સમગ્ર બસ સ્ટેન્ડ તથા શૌચાલયનો સતત મોનિટરિંગ કરી અને ચાર દિવસમાં સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાન જોઈ પેસેન્જરોમાં ખુશી જોવા મળી હતી.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

# અમરેલી ખાતે શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



અમરેલીમાં શીતલ આઈસ્ક્રીમ જી.આઈ.ડી.સી. ખાતે ૧૫મી ઓગસ્ટ રાષ્ટ્રીય પર્વનાં ભાગરૂપે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ડી.આઈ.બી.એસ. ફાઉન્ડેશન તથા લાયન્સ કલબ ઓફ અમરેલી(મેઈન) દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ, વૃક્ષારોપણ કેમ્પનું આયોજન પટેલ સમાજનાં પ્રમુખ દિનેશભાઈ ભુવા દ્વારા સફળતાપૂર્વક સંપન્ન થયેલ. આ કાર્યક્રમમાં ૭૭માં સ્વતંત્રતા પર્વની ઉજવણી સમાજનાં લાભાર્થીઓને ૭૭ બોટલ બ્લડ અર્પણ કરી તેમજ ૪૦૦ થી વધારે બ્લડ ચેકપ અને ડાયાબીટીસ અવેરનેશ કેમ્પનો લાભ જ્ઞાતિબંધુઓએ લીધેલો તેમજ મહાનુભાવોનાં વરદ્હસ્તે ૭૭ વૃક્ષોનું આરોપણ અને ઉછેર કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવેલી. આ તકે શીતલ કુલ પ્રા.લી. દ્વારા તિરંગા વિતરત કરી ફેકટરીનાં સ્ટાફ તેમજ મિત્રો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવેલું. કાર્યક્રમની શુભ શરૂઆત શીતલ કુલ પ્રા.લી.નાં મોભી દકુભાઈ ભુવા, ભુપતભાઈ ભુવા, સંજયભાઈ ભુવા, હાર્દિકભાઈ ભુવા તથા લાયન્સ કબલ પ્રમુખ કૌશિકભાઈ હપાણી, લા. દિવ્યેશ વેકરીયા, લા. કિશોરભાઈ શિરોયા, ડી.કે. રૈયાણી, કાંતિભાઈ વઘાસીયા, કાળુભાઈ સુહાગીયા, ઘનશ્યામભાઈ રૈયાણી, સંજયભાઈ રામાણી, રાજુભાઈ ફીણવીયા, અરજણભાઈ શીંગાળા, એડવોકેટ સોજીત્રા, ભાવેશભાઈ કાબરીયા તેમજ મંત્રી પ્રા.ડો. જે.ડી સાવલીયા સાથે મોટી સંખ્યામાં સમાજનાં તેમજ ફેકટરીનાં નામી–અનામી ભાઈઓ–બહેનો હાજર રહીને ત્રિવિધ કાર્યક્રમમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં જોડાઈ પોતાનો કિંમતી સમય તેમજ બ્લડ ડોનેશન કરી કાર્યક્રમને સફળ બનાવેલો તેવું લેઉવા પટેલ સમાજની યાદીમાં જણાવવામાં આવેલ છે. આ તકે ખાસ મનસુખભાઈ ઉંધાડ, બાબુભાઈ ચોવટીયા, દિનેશભાઈ સાવલીયા, રામભાઈ ગજેરા, અરજણભાઈ કોરાટ, જયસુખભાઈ ઢોલરીયા, રાજુભાઈ પરીખ, ભરતભાઈ પાનસુરીયા, રજનીભાઈ ધોરાજીયા, જગદિશભાઈ ધરાજીયા, નનુભાઈ તળાવીયા, સંજયભાઈ પોકળ, ભાવેશભાઈ

# અમરેલીની ગજેરા ઈંગ્લીશ સ્કૂલનાં વિદ્યાર્થીઓ યોગાસન સ્પર્ધામાં પ્રથમ સ્થાને





ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ પ્રાયમરી સ્કૂલની અન્ડર–૧૪ સ્ટુડન્ટસ માટે અમરેલી યોગાસન ચેમ્પીયનશીપ જિલ્લાકક્ષાની સ્પોર્ટસ તા. ૧૩/૮/૨૩નાં રોજ યોજાઈ હતી. જેમાં શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ ઈંગ્લીશ માધ્યમના વિદ્યાર્થીનો ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. પ્રથમ સ્થાને પાનેરી કાવ્ય ધોરણ–૭ ઈએમ, દ્વિતિય સ્થાને મુફદલ કપાસી ધોરણ–૭ ઈએમ તેમજ તૃતિય સ્થાન જોષી દેવર્ષ ધોરણ–૫ ઈએમ મેળવ્યું છે. વિદ્યાર્થીઓને વિદ્યાસભા વિશાળ મેદાનમાં વિવિધ રમતો, યોગાસનની સતત તાલીમ આપવામાં આવે છે. બાળકોની સુષુપ્ત શકિતઓને બહાર લાવતા શાળાના સ્ટાફગણ તથા મેનેજમેન્ટ અવિરત મહેનત કરે છે. તેના ફળ સ્વરૂપે જિલ્લામાં દરેક સ્પર્ધાઓમાં વિદ્યાસભાના વિદ્યાર્થી ભાઈ–બહેનો શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરે છે. યોગાસન સ્પર્ધામાં ૧ થી ૩ સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ તથા ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે. ભવિષ્યમાં ઉચ્ચ સિધ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ આપી છે.

### પાલિકાનાં પ્રમુખ તૃપ્તિબેન દોશીનું નિવેદન

## સાવરકુંડલાના પાલિકાના ઈતિહાસમાં સૌપ્રથમ સર્વાનુમતે વિકાસ કાર્યો થયા

### સાસંદ, ધારાસભ્ય સહિત સૌનો આભાર માન્યો

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા નગરપાલિકાની ગઈકાલે મળેલી સ્પષ્ટ બહુમતી સાથેના ભાજપના અઢી વર્ષના શાસનની છેલી સાધારણ સભાએ અત્યાર સુધીના ઈતિહાસમાં રેકોર્ડ સજર્યો હોય તેમ અઢી વર્ષમાં કરેલા વિકાસના કામોને ભાજપ કોંગ્રેસના તમામ સદસ્યોએ વિકાસની રાજનીતિમાં સહયોગ આપીને સહકાર આપ્યો હતોને તમામ ઠરાવો સર્વાનુમતે મંજૂર થયા હોવાનો ઈતિહાસ સાવરકુંડલા પાલિકાના તૃપ્તિબેન રાજુભાઈ દોશીએ રચ્યો હતો સાથે અઢી વર્ષના ભાજપ શાસિત પાલિકાના શાશન કાળમાં રોડ રસ્તા, ગટર, પાણી, સેનીટેશન, સ્ટ્રીટ લાઈટ સાથે સાવરકુંડલા શહેરના સોસાયટી વિસ્તારના રસ્તાઓ આર. સી.સી., પેવિંગ બ્લોક રોગથી મઢાઈ જાય અને છેવાડાના વિસ્તારની સોસાયટીઓમાં પાલિકાની સુખ સુવિધા સભર યોજનાઓ અને વિકાસના કામો પ્રગતિમાં છે તો અમુક કામોના ટેન્ડ્રીંગ પ્રક્રિયામાં હોવાથી કરોડોના કામો પાલિકાના મહિલા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીના શાશનમાં થયા ને થયેલા કામોને ભાજપ સાથે કોંગ્રેસના સદસ્યોએ વિાસ વ્યક્ત કરીને તમામ ઠરાવો સર્વાનુમતે મંજૂર કર્યા હોય તેવા પાલિકા પ્રમુખ તૃપ્તિબેન દોશીએ ઈતિહાસ રચ્યો હતો ને આ છેલ્લી જનરલ સભામાં અઢી વર્ષના શાસનમાં



કોઈ સદસ્યનું કામ ભૂલમાં પણ રહી ગયું હોય કે કામની વ્યસ્તતામાં કોઈને કોલના ઉપડયો હોય કે શરત ચૂકથી પણ ભૂલ લાગી હોય તો પાલિકા પ્રમુખે નત મસ્તક માફી માંગતા પાલિકાના તમામ સદસ્યોએ હર્ષભેર તાળીઓથી વધાવી લીધા હતા ને ભાજપ શાસિત પાલિકાના અઢી વર્ષમાં વિકાસના કામો માટે સાંસદ અને ધારાસભ્ય અને ભાજપ સંગઠનની કાબિલેદાદ સરકારમાં રજૂઆતોના ફળ સ્વરૂપે સાવરકુંડલા પાલિકામાં વિકાસના અઢળક કામો થયા છે ને હજુ કામો પ્રગતિમાં છે ત્યારે આગામી સમયમાં પણ ભાજપ શાસિત પાલિકા પ્રમુખ બિરાજશે ને દરેક સદસ્યો ભાજપના ડબલ એન્જિન ની સરકાર માં ભરોસો રાખીને સાવરકુંડલા ને સુવર્ણ કુંડલા બનાવવામાં સહભાગી થાય તેવી અભિલાષાઓ પાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીએ વ્યક્ત કરી હતી

## બગસરા ખાતે આગામી શુક્રવારે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ

બગસરા, તા.૧૮


જેસિંઝગ્રૃપ બગસરા સંચાલિત શા.માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૫/૮/૨૦૨૩ને શુક્રવારના રોજ બ્રહ્મલીન પ.પુ. છગનભગતની ૧૧ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે હા.વસાણી પરિવાર બગસરાનાં સૌજન્યથી તેમજ રામદેવપીર મંદિરનાં મહંતશ્રી પ.પુ. ઘુસાભગત તેમજ અન્ય સંતોની ઉપસ્થિતિમાં ૫૭૯ મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે. ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા ગૌરાંગભાઈ ચુડાસમા પરિવાર તરફથી કરવામાં આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાનાં આધાર કાર્ડની નકલ સાથે રાખી કેમ્પનાં દિવસે તા. ૨૫/૮/૨૦૨૩ના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગાની યાદીમાં જણાવેલ છે.

### મોબાઈલનાં માહોલમાં વિકૃત્તિ વધી

## વેરાવળ : યુવકે પાડોશીનાં બાથરૂમમાં કેમેરો ફીટ કર્યો, ભાંડો ફૂટતા મામલો પોલીસ મથકે નોંધાયો

### આરોપી ગોપાલ વણિક સામે કાર્યવાહી શરૂ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં માનસિક વિકૃત શખ્સે પાડોશીના બાથરૂમમાં સ્પાઈ કેમેરો લગાવી મહિલાઓના વીડિયો ઉતારવાની વાતનો ઘટસ્ફોટ થયો છે. આ શખ્સે ચતૂરાઈ પૂર્વક બાથરૂમમાં એવી રીતે કેમેરો ગોઠવ્યો હતો કે પાડોશી પરિવારનું પ્રયાન ન ગયું હોત તો કદાચ કેમેરો હજુપણ બાથરૂમની દરેક ગતિવિધી રેકોર્ડ કરી રહ્યો હતો.

વેરાવળમાં માનસિક વિકૃત શખ્સે પાડોશીના બાથરૂમમાં કેમેરો લગાવવાની ઘટના પ્રકાશમાં આવી હતી. વેરાવળના પોશ વિસ્તાર કહેવાતા ૮૦ ફૂટ રોડ પર આવેલા એક મકાનમાં ગોપાલ વણિક નામના શખ્સે પાડોશીના બાથરૂમની હવા ઉજાસની સિમેન્ટની જાળીમાં ચતુરાઈ પૂર્વક કેમેરો લગાવી દીધો હતો. પરંતુ ગતરોજ સાંજના સમયે મહિલા બાથરૂમમાં જતા જાળીમાં કેમેરો હોવાની આશંકા પેદા થઈ હતી. તેણીએ તપાસ કરતા થોડી વાર માટે તે હતપ્રભ બની ગઈ હતી. કારણ કે, ખરેખર બાથરૂમની જાળીમાં બાથરૂમના દ્રષ્યો કેદ થાય તે રીતે કેમેરો લાગેલો હતો.

આમ મહિલાની નજરે કેમેરો આવતા સમગ્ર કારસ્તાનનો ભાંડો ફૂટ્યો હતો.ઘટનાના પગલે મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો અને તપાસમાં ખુલ્યું હતું કે, કેમેરો બીજા કોઈએ નહીં પરંતુ પાડોશમાં રહેતા ગોપાલ વણિક નામના શખ્સે જ ફીટ કર્યો હતો. જે બાથરૂમમાં થતી તમામ ગતિવિધી રેકોર્ડ કરી રહ્યો હતો. જેના પગલે વેરાવળ પોલીસે આરોપી ગોપાલ વણિક વિરૂપ્રદ આઈ.ટી. એકટની કલમ ૬૬(ઈ) અને આઈ.પી.સી.ની કલમ ૩૫૪(ગ) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### દેશનાં ૭૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે

## અમરેલીમાં મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસીએશન દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

### દેશભક્તિનાં ગીતો પણ રજૂ કરવામાં આવ્યા

અમરેલી, તા. ૧૮

૧૫મી ઓગષ્ટ રાષ્ટ્રીય તહેવારની ઉજવણીનાં ભાગરૂપે મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશન ધ્વારા બ્લડ ડોનેશન કેમ્પ તેમજ દેશભકિત ગાનનું આયોજન પ્રમુખ દિનેશભાઈ ભુવા, ઉપપ્રમુખ શૈલેષભાઈ ચૌહાણ, મહામંત્રી આશિષભાઈ સોજીત્રા, વિજયભાઈ બુંદેલીયા, ખજાનચી કિશનભાઈ ધરજીયા, મુકેશભાઈ કુંજળીયાની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં અનેક રકત દાતાઓએ રકતદાન કર્યુ હતું. કારોબારી સભ્ય અજયભાઈ ધાધલ, ગોપાલભાઈ ટાંક, સુરેશભાઈ ભાલાળા, ગોપાલભાઈ ઝિંઝુવાડીયા, હિરેનભાઈ ગાંગડીયા, શશાંકભાઈ મહાજન, પરાગભાઈ વડેરા, ભરતભાઈ સાવલિયા, ધર્મેન્દ્રભાઈ ભંડેરી, સુરેશભાઈ આદરોજા, દેવાભાઈ વાળા, ભાવેશભાઈ નાકરાણી, અનિલભાઈ બામરોલીયા, ભરતભાઈ આડતીયા, જયદેવભાઈ કોઠીવાળ, જયદીપભાઈ પંચાળા, જયેન્દ્રભાઈ પટેલ,




પટેલભાઈ, પ્રફુલભાઈ સોરઠીયા વગેરે મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સલાહકાર સમિતિનાં વડીલો દકુભાઈ ભુવા, ઉમેશભાઈ, હકુભાઈ ચૌહાણ, જગદીશભાઈ ધરજીયા, ભાસ્કરભાઈ જોબનપુત્રા, વિનુભાઈ ભાડ વગેરે ધ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું. દેશભકિત ગાયનમાં ગાયક કલાકાર બાવકુભાઈ પ્રજાપતિ, લીનાબેન શુકલ ધ્વારા દેશભકિતનાં સુંદર ગીતો કરાઓકે પર રજૂ થયા હતા. દેશભકિતનો કાર્યક્રમ સૌ વેપારી મિત્રોના સહકારથી સફળ રહ્યો હતો. એવું દિનેશભાઈ ભુવાની યાદીમાં જણાવ્યું છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ
મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.
ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/- આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.
યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.
શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઇ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F –૧૩, પહેલો માળ, અમરેલી.










# વાર્તા–વૈભવ

## બાપ

– જગદીપ ઉપાધ્યાય



જગદીપ જી. ઉપાધ્યાય

(ગયા અંકનું ચાલુ)

એક જણ ઘટયો. અમૃત ફુઆ મોટાને બૂમ પાડવા જાય તે પહેલા મારા જિગરી લંગોટિયા નટાએ મને કાંધે લઈ મારો છેલ્લો પ્રસંગ સાચવી લીધો. આમેય નટાએ મારા જીવનમાં કયાં પ્રસંગો નહોતા સાચવ્યા ! એના ઝાડ પાસે નહોતા એવાં છાંયડાય મને આપેલા ! મારા અવસર ફિકકા ન પડે એટલા માટે હંમેશા બે–ચાર મુટ્ઠી પતંગિયા લઈને એ ઉભો રહેતો.''

નટાનું હૈયુ ધડકતું ધડકતું ખભા સુધી આવી ગયું હતું. મનેય ધડકવાનું મન થઈ આવ્યું. મારી અંતિમયાત્રામાં ભળતા વચ્ચે ઉભી રહેલી સ્ત્રીઓ મને ભાવથી યાદ કરી આંખના આંસુને સુંવાળા પાલવથી લુછતી હતી. આ જ તો ધરતીનું ગીત હતું. મંડપ લતાનાં, ક્ષીર ઝરણાં, અપ્સરા મોહક – શું શું નથી હોતું સ્વર્ગમાં ?, નથી હોતુ તો એક આંસુનું ટીપુ ! કયાં એ સ્થિર અને બંધિયાર લાગણીઓનાં બંધ અને કયાં આ વહેતા હૈયાં ! ઈન્દ્ર મહારાજ મને ઈન્દ્રપુરીની ગલીઓમાં, સોનાની પાલખીમાં ફેરવે ને મારા પર સુંદર દેવાંગનાઓ પુષ્પવૃષ્ટિ કરે તોય આ રડતી ગલી અને નટા જેવા મિત્રોનાં સ્કંધ જોઈને એમ થાય કે સ્વર્ગ મારી ધરાની તોલે તો ન જ આવે ! સ્વર્ગમાં ઈષ્ટ ભોગનો પ્રબંધ જરૂર હશે પણ નયન અને નેહનો અનુબંધ તો નહીં જ હોય ! કદાચ દેવદૂતો અને મંદારનાં પુષ્પાચ્છાદિત બગીચામાં લઈ જાય તો હું એને પુછું, 'પહેલા વરસાદમાં આવતી ધરતીની માટીની મધુગંધ કયાં ? '' સ્વર્ગમાં મા મળે તો એય સુખી હોય, હું માંગુ એ આપે, મારે વેન શાનાં કરવાં ? એ રાંક ઘરનાં લાડનો આજ નજરે તરતો સંબંધ સ્વર્ગમાં કયાંથી હોય ? અડાબીડ બીડમાં અમફળથી લચેલા લીધા બાવળની કલ્પાનાએ હું એટલો તો રોમાંચિત થઈ ગયો કે ઘડીભર મોટાનું દુઃખ ભૂલી ગયો !

પાછળ આવતી બાયું શેરીના નાકા સુધી આવીને ઉભી રહી ગઈ હતી. બાયુંના વૃંદમાં મેં જોયું તો મારી દીકરીની આંખમાંથી ખરતાં હતાં, સાચુકલા, પારદર્શક, ભીના ભીના મોતીઓ ! મોટાની વહુની આંખમાંથી તો ખરતી હતી રેતી ! શંખણી...! છાતી આડો હાથ રાખીને જોર જોરથી કેવા ઘડીગા લેતી હતી ! ડાકણ...! મારા મોટાને ખાઈ ગઈ ! એણે ઘરમાં પણ મૂકયો તે દિવસથી છાપાની મરણનોંધમાં હું મારું નામ વાંચતો થઈ ગયેલો, રોજ ઉઠીને મારું સ્નાન કરતો થઈ ગયેલો. બાગમાં સાંજના ઢળતા મારા પડછાયા પાસે મારો ખરખરો કરતો થઈ ગયેલો. દોણીમાંથી નીકળતો ધુમાડો મારા તરફ આવવા લાગ્યો હતો.

જેના સ્મરણોની ધૂળ આજેય તાજી હતી એ હૂંફાળવી શેરીઓમાંથી હું ભરી ભાદરી એકલતા લઈને પસાર થતો હતો. ત્ર્યંબકેશ્વર મહાદેવનું એ પુરાણું શિવાલય આવ્યું. પરણ્યા પછી પોતાની માને ડોશી કહીને સંબોધતા થઈ ગયેલા એ મોટાના કરમાઈ જતા નાનપણને ગોદાવરીએ અહીં વ્રત કરીને જિવાડેલું. જીવનની હરએક મુશ્કેલી ગોદવારીએ હસતે મોઢે વેઠી લીધી પણ મને મોળો પડવા ન દીધો. જુઓને ! મારા પહેલા ચાલી ગઈ.

આજેય તે મને હળવો રાખ્યો. મારા વિના એ શું કરત ! હાથ તો થાય પણ કંકણ ઓછા વૃધ્ધ થાય છે ? કેમ કરીને તોડત એ લાલ–લીલા રંગના રણકારા ? કોની સાથે કરત બજરંગના સંવાદો ? ખૂણાનો અંધાર એકલી કેમ કરીને ઓઢત ? દીવાલેથી પડુ પડુ મારી નોંધારી તસ્વીરને પોતાના ઓશિયાળા હાથોથી કેમ કરીને ચોડત ? આજ મારે છાતી હોત તો એ નકકી ભરાઈ આવત !

ઉલટાવીને મારા પગને સ્મશાન બાજુ કરવામાં આવ્યા. એક–બે નાળિયેર ફોડીને થોડા શેષના ટુકડાઓ મારી પાસે મૂકવામાં આવ્યા. વધેલા બૂંદી અને ગાંઠિયા કૂતરાઓને નાખવામાં આવ્યા.

છેલ્લાવેલ્લો કુટુંબીઓએ મને ખભે લીધો. પણ હાથ દેવાય આવે તો એ મોટો શેનો ? ચિતાસ્થાનની બાજુમાં મને ઉતારવામાં આવ્યો. અનુભવીઓ, સેવાભાવીઓની મદદથી ચિતાના લાકડા સરખા ગોઠવવા લાગ્યા. મને ડર હતો એમ જ થયું ! હું મારા મોટાને ન ઓળખું ? સ્મશાનની પાળ ી પર એ અવળુ મોં રાખીને બેઠો. આખી જિંદગી બેઠો હતો એમ જ !

'મોટા ! કોબીના દડા પાસે પાંદડાં હોય, કાંઈ ગોટલો થોડો હોય ?!' મારી નજર સામેના વૃક્ષ પર ગઈ. એક ઘટાળી ડાળીના માળ ામાં એક સુંદર પંખિણી ઈંડું સેવતી હતી. મને પંખી બનીને જનમવાની ઈચ્છા થઈ આવી.

કિલકિલાટ બસ કિલકિલાટ ! પળ પળ લીલા અવસર. કોઈ જૂઠા અવ્યવહાર નહી ! કોઈ દંભી સંબંધ નહીં ! બસ, પાંખોની પવન પાવડી પર જાતને અસવાર કરી ખુલ્લા ગગનમાં ઉડવાનું !

મને નનામી પરથી છોડીને ચિતા પર, ફરીથી ઉત્તરમાં માથું રાખીને, સુવડાવવામાં આવ્યો. મારી પડખે તથા ઉપર પિંડાદિક મુકાયા. શમીની ચમચીથી પાણી છંટાયુ. દાહ માટે યજ્ઞના ઘાસ અને દહીં–ઘી લાવવામાં આવ્યા. વેદોકત શ્લોકો બોલાયા. નાનાએ ડાબું અંગ મારા તરફ રાખી, ત્રણ વા પરિક્રમા કરી, ઘેરથી દોણીમાં સાથે લાવેલા ગૃહાગ્નિથી મને દાહ દીધો. આ તો માત્ર ઔપચારિકતા હતી. બાકી મોટાએ તો મારી સાથેના સંબંધની કયારનીયે અંત્યેષ્ઠિ કરી નાખી હતી ! પાસે સૌ કોઈ જળવશ ઉભા હતા, સંબંધવટો ભોગવતા એક મોટા સિવાય ! ચિતામાં અગ્નિ પ્રગટયો હતો.

કોઈ પાસે તો કોઈ દૂર જગા મળે ત્યાં ગોઠવાતા જતા હતા. ધીમી ધીમી વાતોની શરૂઆત થઈ હતી. એક નજીકનો કુટુંબી આવીને મોટા પાસે પાળી પર બેઠો. આમ તેમ જોઈ હળવેથી વાતની શરૂઆત કરી, 'મોટા ! કાંઈ ભાગ–બાગ લેવાનો વિચાર તો નથી ને ?'

'કાં...! કેમ ન હોય ?'

'હવે, જવા દે ને ! ભાગમાં આવી આવીને શું આવવાનું હતું ?''

'આપણે તો ભાગમાં ગોદડાનો ગાભો આવે ને તોય મુકવો નથી શું સમજયા, વડીલ ?' મોટાએ આંખોમાં નફટાઈ લાવીને ધીમા પણ ઉંચા સ્વરે કહયું. ચિતાની આગ બરાબર મારા જમણા પગના અંગૂઠે લાગી હતી.

બાજુમાં જ ધના શેઠની ચિતા એના દીકરાઓ ! દૂધ અને પાણીથી ટાઢી પાડતા હતા. ધનો અમારો સમોવડિયો. મારી અને નટાની હારે ભણેલો. નાનપણથી જ ઉતાવળિયો. એની માના પેટે સવા મહિનો વહેલો અવતરી ગયેલો. ઉતાવળે ખાતોપીતો. ભણવામાંય વહેલો ઉઠીને દુકાને બેસી ગયેલો.

બાપાની શિખામણ ઉતાવળે સાંભળતો. લગન પણ એવાં ઘડિયાં લેવાયેલા કે એના માટે કન્યા જોવા ગયેલા કાકી વળ તા એની જાનમાં પાછા આવેલા. તેના ઘેર છોકરાઓય ફટાફટ જન્મી ગયેલા, મોટા થઈ ગયેલા ને ભણ્યાં ન ભણ્યાં **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીમાં સાહિત્ય પરિષદનું ૧૪મું જ્ઞાનસત્ર

(ગયા અંકનું ચાલુ)

પ્રો.નીતિન વડગામાએ 'મળેલા જીવ' અંગે કૃતિલક્ષી નિબંધ રજુ કર્યો હતો. 'મળેલા જીવ'માં તે પ્રદેશની સાંસ્કૃતિક, સામાજિક ચેતનાનું પ્રગટીકરણ થયું છે. પાત્રોની પસંદગી પરિવેશ, લોકબોલીનાં સંવાદોથી ગ્રામપ્રદેશ જીવંત બન્યો છે. ધાર્મિક – પારિવારિક માન્યતાઓ, ભાષા ઉચ્ચારણની વિશિષ્ટ તરેહો, મળો, પાવનાં સૂર, ગીતો, લગ્નગીતો, ભજનની રમઝટ ગરબા તે પ્રદેશને યથાવત રજુ કરે છે. ભગત, ધુળિયો, જીવીનો બાપ, બધાં જ પાત્ર, સાંસ્કૃતિક, સામાજિક જીવનનું પ્રતિનિધિત્વ કરે છે. આગવી ખાસિયતો સાથે રજુ થતો સમાજ પન્નાલાલનાં સર્જક સ્પર્શથી જીવંત થઈ ઉઠયો છે.



જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલા આર. કે. ત્રિવેદી

પ્રા. અનિલા દલાલે સરસ્વતીચંદ્ર પછીની નવલકથાનાં રૂપવિકાસને પાશ્ચાત્ય સાહિત્ય સાથે મુકી આપીને રસપ્રદ તારણો આપ્યાં. પશ્ચિમમાં ૧૯૨૨માં પુર્લિસીસ નવલકથામાં રૂપનિર્માણ પર ભાર મુકયો. ૧૯૫૦ પછી ત્યાં પ્રયોગશીલોને નકારવામાં આવ્યા છે. અને ટેકનિક સામે વિદ્રોહ જાગ્યો છે. હવે તદન સામાજિક યથાર્થની નવલકથા લખાય છે.

વૈશ્વિક સ્તર પરની કથાઓ લખાય છે. ત્યાં બધા વાદ આંતરચેતનાનો પ્રવાહ, એબ્સર્ડ અતિવાસ્તવવાદ બધું એક પછી એક આવે છે. આપણે ત્યાં બધું જ એક સાથે આવ્યું. ૧૯૪૭ સુધી Form નો વિચાર ન આવે તે સ્વાભાવિક છે. રાજકીય સંદર્ભ (આઝાદીનો જંગ) પણ ધ્યાનમાં લેવો ઘટે. આપણી નવલકથા વધુ વ્યાપક સ્તર મેળવી શકે તેમ છે.

બેઠકનું સમાપન કરતા શ્રી રઘુવીર ચૌધરીએ સમગ્ર ચર્ચાને આવરી લ ીધી હતી. આપણે કળા અને સાહિત્યમાં પશ્ચિમમાંથી ઘણું મેળવ્યું છે. તેમને ભારતીય નવલકથા જોઈએ છે. ઉમાશંકરે માનવીની ભવાઈ ને ભારતીય નવલકથા ગણાવી છે. 'માનવીની ભવાઈ' પુર્વે મુનશીમાં ઘટના છે અને તેની પુર્વે 'સરસ્વતીચંદ્ર' માં પાત્રો છે. પન્નાલાલમાં બંને મળે છે. ત્રણ લધુ નવલ અને બે દીર્ઘ નવલમાં પન્નાલાલે લોકભાષા અને મન બંને સાથે અદભૂત કામ કર્યુ છે. વસ્તુસંકલનનાં અંકોડો મુનશી કે ગોવર્ધનરામનાં મળતા નથી. મુનશી વધુ લોકપિંય અને મૂલવાતા લેખક છે. પન્નાલાલ પછી દર્શકે પાત્રો આપ્યા છે. અને વર્ણનની અસાધારણશકિત દાખવી છે. જોસેફ મેકવાને પણ આ શકિત દાખવી છે. મેકવાન દલિતોની વાત ભાષાસામથ્યથી કરે છે. પુરાકલ્પન (Myth) સાથે ગોવર્ધનરામ એન પુરાકલ્પન તથા ઐતિહાસિક સંદર્ભ સાથે દર્શક જે રીતે કામ પાર પાડે છે. તે નોંધનીય છે. સુરેશ જોશીએ જીવનની બાદબાકી કરી નાખી. આપણે ચિંતન, ઘટના, પાત્રથી કરવાની જરૂર નથી. વસ્તુસંકલન પર ધ્યાન આપવું જોઈએ. ભૂત–ભાવિને વર્તમાનમાં રજુ કરવાની શકિત હોવી જોઈએ. ગુજરાતી નવલકથાએ ટકવું હશે તો એણે પોતાનાં અને પ્રજાકીય અનુભવનાં મુખ્ય ભાગને ભાષાસામર્થ્ય સાથે રજુ કરવાનાં રહેશે. લેખકે વિષયને અનુભવી તેમાંથી સર્જન નિપજાવવું પડશે. સમગ્ર બેઠકનું સંચાલન શ્રી પ્રિયકાંત પરીખે કર્યુ હતું.

## ભાતીગળ સૌરાષ્ટ્ર

## જટાશંકરની ઝોળી

– પ્રકાશ ડી. કુબાવત

(ગયા અંકનું ચાલુ)

એક વખત બપોરે જયાએ મહેંદી મૂકી હતી એન જટાશંકર મીઠી નિંદર ખેંચી રહયો હતો.

ત્યારે એક વટેમાર્ગુ બહેન તેના નાના છોકરાને કાંખમાં તેડીને આવ્યા. અને કહયું કે, 'બપોર થયો છે. મારો છોકરો ભૂખ્યો છે.


હજુ અમારે ત્રણ માઈલ ચાલીને જવાનું છે. તો થોડો રોટલો અને દૂધ આપો ને ? હું તો ચલાવી લઈશ પણ આ છોકરાને બહુ ભૂખ લાગી છે.''

જયાએ આ સ્હેજેય ન ગમ્યું. તેને કહયું કે, ''શું ટાઈમ જોયા વગર આવતા હશો. અત્યારે એક વાગ્યો છે.

બાર વાગ્યા સુધી મે બધાને દુધ આપ્યું જ છે. અમને પણ થોડી વાર આરામ હોય કે નહીં ? તું જોતી નથી હું મહેંદી મુકાવું છું. અત્યારે ચાલી જા પછી આવજે. ઉભી રહે તેને રોટલો આપું.''

તે જટાશંકરને ઉઠાડે છે અને રોટલો આપવા કહે છે. જટાશંકર પણ ક્રોધે ભરાઈને કહે છે કે, 'માંડ અત્યારે જ નિંદર આવી હતી ત્યાં ઉઠાડયો.

જા પછી ઉઠીને રોટલો આપીશ.'' એમ બોલી તે




પાછા નિંદરમાં સરી પડયાં.

નિરાશ થઈને બહેન તેનાં પુત્રને તેડીને તેની ડેલીએથી પાછા ફરી.

બપોર પછી ચા કરવા જયારે જયા ગાયને દોહવા ગઈ તો આ શું ? એકેય ટીપુ દૂધ ન નીકળ્યું. ઘણીવાર ગાયને દોહવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો પણ એકેય ટીપુ દૂધ ગાયને આપ્યું નહિ.

હાંફળી–ફાંફળી થતી તેને જટાશંકરને વાત કરી. જટાશંકરે પણ ઝોળીમાં હાથ નાખ્યો તો રોટલો નીકળ્યો નહી. ઘણી વાર હાથ નાખી જોયો પણ એકેય વાર રોટલો ઝોળીમાંથી નીકળ્યો નહીં.

હવે બંને ખુબ પસ્તાવો કરવા લાગ્યા.



બાલમિત્રો,

આપણો ૭૭માં સ્વાતંત્ર્ય પર્વનો દિવસ આપણે દેશભરમાં ઉજવ્યો. ''હર ઘર તિરંગા'', વંદે માતરમ્' 'જય હિંદ'નાં નારા શાળા, કોલેજો, ગલીઓમાં ગુંજેલા, જાણે એવું લાગતુ હતુ કે આજે જ આઝાદી મળી છે. ગામમાં પણ સાયકલો પર, સ્કૂટર પર, રિક્ષામાં, ગાડીઓમાં જયાં જુઓ ત્યાં તિરંગો નજરે પડતો હતો. મનમાં આનંદ સમાતો ન હતો. આઝાદી બાદ પોણી સદી પછી પણ આટલો ઉત્સાહ દરેકમાં મનહૃદયમાં હોય એવી વિશેષ ખુશી થાય છે.

બાલમિત્રો, તમે તો આઝાદીના સત્યાગ્રહ વિશે, સ્વાતંત્ર્યવીરો વિશે, ભારત–પાકિસ્તાન વિશે ભાગલા વિશે, ઝલિયાવાલા બાગની વાતો વાંચી હશે, ભણ્યા હશો. શું તમને કદી પ્રશ્ન થયો કે ખરેખર આઝાદી આપણી મોંઘી હતી ? તમને કલ્પનામાં ના આવે એટલા આપણા બાળકો, યુવાનો, બહેનો–ભાઈઓએ બલિદાનો આપેલ છે. જેણે ભોગવી છે, લાઠી, ગોળીઓ ખાધી છે. આંદોલનો, સત્યાગ્રહ, મીઠાનો, સત્યાગ્રહો કરેલા છે. આઝાદી મેળવવા ભારતવાસીઓએ શું નથી કર્યુ ?

તમેં જયાં આ પર્વ ઉજવ્યુ હોય તેનું વર્ણન લખી મોકલશો, ક્રમશઃ છાપીશું !

## માંડલે જેલ અને ગીતા રહસ્ય

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક



### ગીતા રહસ્ય

જેલમાં રહ્યા એ દરમિયાન જ તિલકે 'ગીતા રહસ્ય' જેવી અમર રચના મરાઠીમાં લખી એ લખતાં એમને ચારથી છ મહિનાનો સમય લાગ્યો હતો પણ એની તૈયારીમાં ઘણો સમય ગયો હતો.

'ગીતા–રહસ્ય' તિલકનાં મનમાં દબાયેલા પ્રશ્નોનું સમાધાન છે. બાળપણથી જ તેઓ ગીતા વાંચીને, પોતાનાં સવાલોનું સમાધાન જાતે જ શોધતા હતા. ગીતા–રહસ્ય ગીતાની કર્મ–માર્ગી ટીકા છે. એમણે લખ્યું, ''ગીતા કર્મ કરવા પ્રેરે છે. આ કર્મ ફળનાં લોભથી નહિ, પરંતુ નિષ્કામ અથવા કર્તવ્ય ભાવનાથી થવું જોઈએ.'' સંક્ષેપમાં 'ગીતા રહસ્ય' ભારતીય દર્શનનો કોષ છે, એમાં પાશ્ચાત્ય જ્ઞાન–વિજ્ઞાનની પણ ચર્ચા છે. આનાથી એમની અગાધ વિદ્વતાનો પરચો મળે છે.

પરાધીન ભારત પર એમની ગીતાની કર્મ કરતાં રહેવાની વ્યાખ્યાની ઘેરી અસર પડી છે. એ જીવનમાં સારા હેતુ માટે કર્મ કરવાનું આવશયક માનતા હતા અને એમનો એક માત્ર હેતુ 'સ્વદેશ' અને ' સ્વરાજય' જ હતો.

ગીતા–રહસ્યએ દેશ પર ઘેરો પ્રભાવ પાડયો. દેશની રાજનીતિને સ્વરાજય પ્રતિ પ્રેરિત કરી. તિલકે જનતાને જણાવ્યું કે કર્મનું રાષ્ટ્રીય ફળ 'સ્વરાજય' છે. જે વ્યકિત હાથ પર હાથ રાખીને બેસી જાય છ, અને પોતાનો બોજ બીજાઓ પર નાખે છે, એને ઈશ્વર પણ સહાય નથી કરતો. તિલકનો હેતુ હતો કે ભારતની જનતા, સમજી–વિચારીને કર્મ તરફ આગળ વધે. કર્મથી જ સિદ્ધિ મળે છે.

માંડલેથી પાછા ફરતી વેળા એમને 'ગીતા–રહસ્ય'ની પાંડુલિપિ સાથે લઈ જવા દેવામાં ના આવી. એ એમને થોડા સમય



બાદ મોકલવામાં આવી. જૂન ૧૯૧૫માં આ ગ્રંથ પ્રકાશિત થયો.

### સિદ્ધાંતનાં પૂજારી

માંડલેમાં લગભગ એક વર્ષ રહ્યાં પછી એમને મિત્ર ખાપર્ડેનો પત્ર મળ્યો, જેમાં રાજનૈતિક કાર્ય ન કરવાની શરતે જેલમાંથી છોડી મૂકાવાનો ઈશારો હતો. તિલકે જે જવાબ આપ્યો એનાથી જણાયું કે તેઓ કેટલા ધીરજવાન અને સિદ્ધાંતને વળ ગી રહેનારા વ્યકિત હતા. એમણે લખ્યું, ''હું પ્રદર્શન અને સન્માન વગેરેનો ઈચ્છુક નથી. હું ખુશીથી એ બધું છોડી દઈશ. પણ એક વાર મુકત કરાય ત્યારે મને કામ કરવાની એ જ સ્વાધીનતા હોવી જોઈએ, જે કાનૂન હેઠળ દેશનાં કોઈપણ અન્ય નાગરિકને પ્રાપ્ત છે. આ સ્વતંત્રતા મને ૧૮૯૮ની શરતોમાં પ્રાપ્ત હતી અને મેં એ શતો સ્વીકારી હતી. પણ હું નથી સમજતો કે એ જ શરતો મને હવે ફરીવાર મળ શે. કારાવાસનો લગભગ એક વર્ષનો સમય હું કાપી ચૂકયો છું અને પાંચ વર્ષ પછી ઓછામાં ઓછું એ આશા તો છે જ કે હું તમારા સૌની વચ્ચે એક સ્વતંત્ર નાગરિકની હેસિયતથી આવીશ.''

''હું ૫૩નો થઈ ચૂકયો છું, મને વધુમાં વધુ દસ વર્ષ કરતાં વધુ જીવવાની આશા નથી. આમાંથી લગભગ પાંચ વર્ષ સ્વતંત્રતાપૂર્વક સાર્વજનિક કાર્ય કરવા માટે મળશે. પણ જો તમે જણાવો છો એવી કોઈ શરત સ્વીકાર કરી લઉં, તો આ પાંચ વર્ષ પણ હું એક મૃત વ્યકિતની જેમ કાપીશ. આવું જીવન મને નહિ ગમે. એ સાચી વાત છે કે મારું કાર્યક્ષેત્ર રાજકારણ સુધી જ સીમિત નથી અને રાજકીય કાર્યો પર પ્રતિબંધ લગાડયા પછી પણ હું સાહિત્યિક કાર્યો કરી જ શકું છું. પણ આ પ્રશ્ન પર મેં પૂરેપૂરો વિચાર કર્યો છે, અને એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે મારા પરિવારની ચિંતા નથી કરી. હંમેશા જનતા પ્રતિ મારું કર્તવ્ય નિભાવવાની કોશિષ કરતો રહ્યો છું. હવે વિચારો કે પાંચ વર્ષનાં વ્યકિતગત આરામ માટે સાર્વજનિક જીવનમાંથી હું આ રીતે ખસી જઉં તો નૈતિક પ્રભાવ શો પડે ?''

''મારી આ વાતોથી શાયદ તમે સમજો કે સાર્વજનિક કાર્યો પર હું થોડા સમય માટે, વર્ષ કે છ મહિના માટે, પ્રતિબંધ સ્વીકારી લઉં, પણ જેલની બહાર પાંગળા થઈને રહેવા કરતાં, જેલની અંદર રહેવાનું વધારે પસંદ કરું છું.''

આ એક બીજી તસવીર છે તિલકની જેમાં કષ્ટ સહેવાની શકિતની ઝલક મળે છે.

જૂન ૧૯૧૨માં તિલકની પત્નીનું અવસાન થયું. તિલકનાં ભત્રીજા ધોડોપંતે એમને તાર કરીને સૂચના આપી. ૮ જૂન ૧૯૧૨નાં રોજ તિલકે એને લખ્યું, ''તારા તારથી બહુ મોટો અને ઘેરો ધક્કો લાગ્યો છે. મારા દુર્ભાગ્યને શાંતિથી સહેવાની મને ટેવ પડી ગઈ છે. પણ આ ઘટનાએ મને ધ્રુજવી નાખ્યો છે. મને સૌથી વધુ દુઃખ એ વાતનું છે કે અંતિમ સમયે હું એની પાસે ના રહ્યો. ભાગ્ય બળવાન છે. મારા જીવનનો એક અધ્યાય અહીં સમાપ્ત થાય છે. બીજો અધ્યાય પૂરો થવામાં હવે વધુ સમય નહીં લાગે. મારા દીકરાઓનાં શારીરિક અને બૌદ્ધિક વિકાસનો ભાર હવે તારે માથે આવી પડયો છે. એ લોકો યાદ રાખે કે હું જયારે અનાથ થયો ત્યારે એમનાથી પણ નાનો હતો. નકામા શોકમાં સમય બરાબાદ ના કરે એ તારે જોવાનું છે. દુર્ભાગ્યનો સામનો સાહસ સાથે કરવો જોઈએ.''

## કાળની જાળથી કોણ મુકત છે ?

મહારાજશ્રીની વાતને ધ્યાથી સાંભળી રહેલા મુસાફરોમાંથી એક યુવાને પ્રશ્ન કર્યો : ''મહારાજશ્રી ! કોઈપણ વ્યસની કાળથી બચી શકવાનો નથી. તો શું જેઓ બીડી, તમાકુ, દારૂ, ભાંગ, ગાંજો ચરસ નથી પીતા એ બધા બચી જવાના છે ? વ્યસની મરવાના છે તો નિર્વ્યસની પણ મરવાના તો છે જ. કાળથી કોણ બચી શકે છે ?''

મહારાજશ્રીએ મંદ હાસ્ય સાથે યુવાનના પ્રશ્ને બિરદાવતાં કહયું :

''ભાઈ ! કાળથી ફકત એ જ બચી શકે છે કે પંભુના નામના લીન થઈ જાય છે. એવા સંતપુરૂષો પાસે નામરૂપી દંડો રહે છે કે જેનાથી કાળના દૂત પણ ગભરાય છે. તને ખબર હશે કે કેવી રીતે ભકત કબીર નામરૂપી દંડો લઈને યમદૂતોની પાછળ પડયા હતા ? આવા મહાપુરૂષો બીજા કોઈની ઉપર જો દયાદ્રષ્ટિ કરે તો એ પણ કાળની પીડાથી છૂટી જાય છે અને જે પુરૂષો આવા મહાપુરૂષના ઉપદેશ પ્રમાણે વર્તે છે તેઓ પણ ભયાનક કાળથી આઝાદ થઈ જાય છે. મોજશોખ, સિગારેટ, બીડી, તમાકુમાં ફસાયેલા છો તો એવું સમજો કે કોઈ મહાપુરૂષ તમારી ઉપર દયાદ્રષ્ટિ કરશે ? કદાપિ નહી. તમે તમારા હાથે પોતાના માટે ખાડો ખોદી રહયા છો. અશુધ્ધ અધર્મી તમાકુ, બીડી યા સિગારેટ તમને સંતોના ચરણોમાં લઈ જશે ? કદાપિ નહી. એવી નાપાક ખરાબ વસ્તુઓ તો તમને સત્યથી દુર દુર લઈ જશે.

એમ કરીને તમે તો ફકત અહીં જ દુઃખી નહિં થાઓ પણ આગળ ચાલીને પરલોકમાંય કષ્ટ ભોગવશો. મન મસ્તીમાં આવી આજે તમાકુ, તમને અને તમારા શરીરને બરબાદ કરી રહયું છે. માટે, પોતાની આંખો ખોલો તો જ તમને




ફાયદો છે. પરંતુ યાદ રાખો, કદી ભૂલશો નહી, જયારે ખાસડા ખાવાનો સમય આવશે ત્યારે એકલાને કુટવામાં આવશે. વધારે શું કહયું ? જેવી તમારી ઈચ્છા હોય તેમ કરો.

બકરો લીલું ઘાસ ખાય છે અને પછી કસાઈની છરી નીચે આવે છે. જો જો તમારા પણ એવા હાલ ન થાય કે તમે આ નશાવંત જગતના અસત્ય પદાર્થોથી ભરમાઈ જઈને કામનાઓમાં ફસાઈને કાળની છરી નીચે આવો. તેથી કરીને મારી સલાહ છે કે પોતાનો આવો અમૂલ્ય મનુષ્ય જન્મ ખોબા ચણાની લાલચમાં મોહિત થઈને બરબાદ ન કરો.''

મહારાજશ્રીએ કહયું : ''બેટા ! મન ચંચળ છે. એ ફરી ન જાય એટલા માટે અત્યારે જ બીડી, સિગારેટ જે કંઈ તારી પાસે હોય તેને ભાંગીને ફેંકી દે. તેથી મને ખાતરી થશે કે તું હવે તમાકુ, બીડી, સિગારેટ વાપરીશ નહિં, એ વ્યસન છોડવામાં એકલા તમારું જ નહિં, તમારા બાળકોનું પણ કલ્યાણ છે. ચાલો, સારા કાર્યમાં વળી વાર કેવી ? **શુભસ્ય શીઘ્રમ ।**'' ''સારુ મહારાજ.'' કરીને છોકરાએ પોતાના ખિસ્સામાંથી બીડી – સિગારેટ – માચીસ કાઢીને બહાર ફેંકી દીધાં. એણે ભાવથી મહારાજશ્રીના ચરણે સ્પર્શ કર્યો. ડબ્બામાં બેઠેલા બીજા પણ કેટલાક લોકોએ પોતાના ખિસ્સા બીડી સિગારેટથી ખાલી કરીને મહારાજશ્રીને પ્રણામ કરતા ભવિષ્યમાં કદી ધૂમ્રપાન ન કરવાના સોગન લીધા.ડોકટરે પણ ભાવભીના શબ્દોમાં કહયું : ''મહારાજ ! હું આપનો ઉપદેશ સાંભળીને બહુ જ ખુશ થયો છું. આજની ટ્રેનની મુસાફરી મને કાયમ યાદ રહેશે. ખૂબ ધન્યવાદ ! ધન્યવાદ ! ધન્યવાદ ! એ નાનકડા ડબ્બામાં બેઠેલા વ્યસનમુકિતથી હળવા બનેલા હૈયાવાળા કેટલાક માનવીઓને લઈને રેલગાડી ભુક્...છુક્... ભુક્...છુક્... કરતી આગળ વધી રહી.એ શ્વેત વસ્ત્રધારી સંત હતા પરમ પૂજય સદ્‌ગુરૂ સ્વામી શ્રી લીલાશાહજી મહારાજ. ધન્ય છે એ સંત મહાપુરુષને અને ધન્ય છે એમના શ્રીચરણોમાં પહોંચનારા ભાગ્યશાળી જીવોને...!!!

## વિવિધ પ્રકારનાં વિચારો ને તેમના પર વિજય

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**(ગયા અંકનું ચાલુ)**

**૧૪. વિચારોની હારમાળા**

અનેકવિધ વિચારોની પરંપરા જોવામાં આવે છે. કેટલાક વિચારો, પ્રેરણારૂપે પ્રગટ થાય છે. આ ઉપરાંત દ્રશ્ય વિચારો, શ્રાવ્ય વિચારો, પ્રતિકાત્મક વિચારો, નિયમિત ટેવરૂપે આવતા વિચારો–આમ અનેકવિધ વિચારો જોવામાં આવે છે.

કેટલાક વિચારો રમત કે ખેલની માફક ગતિશીલ પણ હોય છે. કેટલાક વિચારો આવેશપૂર્ણ હોય છે, ત્યારે કેટલાક પરિવર્તનશીલ હોઈ દ્રશ્યમાંથી શ્રાવ્યને શ્રાવ્યમાંથી ગતિશીલ રૂપ ધારણ કરે છે.

જેવી રીતે મનને પ્રાણ વચ્ચે ગાઢ સંબંધ છે તેવી જ રીતે સંકલ્પને શ્વાસોશ્વાસ વચ્ચે પણ ગાઢો સંબંધ છે, જયારે મન એકાગ્ર થાય છે ત્યારે શ્વાસોશ્વાસ ધીમો થાય છે. જયારે ચિંતન ઝડપી બને છે ત્યારે શ્વાસોશ્વાસ પણ ઝડપથી ચાલે છે. સાયકોગ્રાફ નામનું યંત્ર મનમાંના વિચારોને બરાબર બતાવી શકે છે.

**૧૫. અધમ સંકલ્પો અને નૈતિક ઉન્નતિ**


સંયમહીન સ્વચ્છંદી વિચારો એ જ બધા અનર્થોનું મૂળ છે. સ્વતંત્ર રીતે દરેક સંકલ્પ તદ્દન શકિતહીન હોય છે. કારણ કે મનમાં ક્ષણે ક્ષણે બદલાતા અસંખ્ય સંકલ્પો કામ કરી રહયા હોય છે.

જેમ જેમ સંકલ્પો પર વધારે ને વધારે કાબૂ રાખવામાં આવે તેમ તેમ મન વધારે એકાગ્ર બને છે. આથી તેની શકિતને સામર્થ્યમાં વધારો થતો જાય છે.

આવા ખરાબ સંકલ્પોનો નાશ કરવા માટે ખૂબ ધીરજની જરૂરની પડે છે. પણ ઉમદા ભવ્ય વિચારોના સેવનથી તેઓ બહુ સહેલાઈથી ને ઝડપથી નાશ પામે છે. વિચારની કાર્યપધ્ધતિથી અજાણ સંસારી વ્યકિત તિરસ્કાર, ક્રોધ, વેરઝેર, કામ, લોભ વગેરે બધા હલકા વિચારોનો શિકાર બને છે. આથી તેની ઈચ્છાશકિત નબળી પડી જાય છે. જેને પરિણામે મનની હલકી સૂક્ષ્મ વિચારજાળમાં તે સપડાઈ જાય છે.

માનસિક શકિત સંપાદન કરવાનો સારામાં સારો રસ્તો એ છે કે હંમેશા મનની શકિતને અનેક રસ્તે વાળી, શકિતને વેડફી નાખનારા અનેકવિધ સંસારી અધમ સંકલ્પોને કાબુમાં રાખી, હંમેશા ભવ્ય, ઉન્નતને ઉમદા વિચારોનું સેવન કરવું જોઈએ. જયારે કોઈપણ અશુભ મલિન વિચાર મનને પીડતો હોય ત્યારે તેને જીતવાનો સહેલો ઉપાય છે કે આપણે તેની તદ્દન અવગણના કરવી જોઈએ. આ અવગણના કેવી રીતે કરવી ? તેને તદ્દન ભૂલી જઈને, તેને કેવી ભૂલી જવો ? ફરીથી તેને મનમાં દાખલા થતો અટકાવીને અથવા તેનું મનન ન કરીને. મનને તેનું મનન કરતા કેવી રીતે અટકાવી શકાય ? તેને બદલે બીજા રસદાયક, ભવ્યને પ્રેરણજનક સંકલ્પ કે વિષયનું ચિંતન કરીને, અવગણના કરો, ભૂલી જાઓ, કંઈક ભવ્યને પ્રેરણાદાયક સંકલ્પનું ચિંતન કરો. અધમ હલકા વિચોરને દૂર કરવા માટે આ ત્રણ સૂત્ર મહાન સાધનારૂપ છે.

## પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૧૧૧ – કથા શ્રવણથી, સંતોની સેવા કરવાથી જીવન સુધરે છે.
૧૧૨ – કોઈ મહાપુરુષની પ્રત્યેક્ષ સેવા ન કરો ત્યાં સુધી મનમાંથી વાસના જતી નથી.
૧૧૩ – સર્વ સાથે પ્રેમ કરો અથવા એક પ્રભુ સાથે જ પ્રેમ કરો.
૧૧૪ – વાણીથી શકિતનો વ્યય કરશો નહિં, તેથી બહુ ઓછું બોલો.
૧૧૫ – મનુષ્ય સંસાર પાછળ પાગલ બન્ય છે. તેમાંથી મુકત થઈ ભગવાન પાછળ પાગલ બને, તો જીવ શિવ એક થાય.
૧૧૬ – સંત ત્રણ પ્રકારે કૃપા કરે છે. સંત જેની તરફ વારંવાર નિહાળ શે તેનું જીવન સુધરશે. માળા કરતા જેને સંભારશે તેનું જીવન સુધરશે. સંત જેને પ્રેમથી નજર આપે છે, તેનું કલ્યાણ થાય છે.
૧૧૭ – સંતની આંખ શુદ્ધ હોય છે.
૧૧૮ – વાસુદેવ ગાયત્રીનો હંમેશા જપ કરવો.
૧૧૯ – જપની ધારા તૂટે નહીં તે ખ્યાલ રાખજો.
૧૨૦ – પરમાત્માના નામનો જે જપ કરે છે તેની પાછળ પાછળ પરમાત્મા ફરે છે.

## જ્ઞાનમંજરી

**શબ્દ દેહ બક્ષતા શિલ્પીઓ**

(૩૧) બકુલ ત્રિપાઠીનું તખલ્લુસ શું છે ? – ઠોઠ નિશાયાળીયો.
(૩૨) બરકદઅલી વિરાણીનું તખલ્લુસ શું છે? – બેફામ
(૩૩) હરજી દામાણીનું તખલ્લુસ શું છે ? – શયદ
(૩૪) ત્રિભુવનદાસ લુહારનું ઉપનામ શું છે? – સુન્દરમ્
(૩૫) ઝીણાભાઈ દેસાઈનું ઉપનામ શું છે ? – સ્નેહરશ્મિ
(૩૬) ગરબો શબ્દ કયા શબ્દ પરથી ઉતરી આવ્યો છે ? – ગર્ભદપિ
(૩૭) ગુજરાતમાં ટેલિવિઝનનો પ્રારંભ કયારે થતો ? – ૧૫ ઓગષ્ટ, ૧૯૭૫ ના રોજ.
(૩૮) અમરેલી જિલ્લામાં વસ્તીની ગીચતા એક ચો.કી.મી. કેટલી છે ? – ૨૦૫
(૩૯) ગુજરાતમાં સૌથી વધુ પહોળો પુલ કયો છે ? – નહેરુ પુલ સાબરમતી નદી પર ૨૪ મીટર પહોળાઈ
(૪૦) સોમનાથ કઈ નદીના કિનારા પર આવેલુ છે. – હિરણ

## ઝળહળ ઝાકળ


લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### વૃક્ષદેવતાભ્યો નમઃ

હૈયામાં ઝણઝણાટી કરી દે, તેવો સુંદર વિચાર– ''વૃક્ષ માર્ગમાં મળે, તો વંદન કરજો, કારણ કે – તેઓ આપણા માટે જે કંઈ સારા કામ કરે છે, તે વિશે હંમેશા ચુપ રહી શકે છે.''

મનુષ્ય અન્યનાં ભલા માટે નાનકડું કાર્ય કરશે, તો આડકતરી રીતે પચાસ લોકોને નહી કહે, ત્યાં સુધી તેને ''સખ' વળશે નહી. આવા ઢંઢેરાના ઢોલ પીટનારા સામે વૃક્ષ કેવું ભવ્ય લાગે છે. ? નથી લાગતું કે, દરેક સમજદાર માણસે વૃક્ષત્વ કેળવવું જોઈએ ? હવે પછી... વૃક્ષ પાસેથી પસાર થતી વખતે આવો ભાવ કેળવતા જઈશું તો ''કાળેક્રમે' ઢંઢેરાનાં ઢોલ પીટવાનું બંધ કરી શકીશું.

## સંત તુકારામ



મહારાષ્ટ્રમાં તુકારામ કરીને એક મહાન સંત થઈ ગયા. તેઓ ખુબ નિર્માની ભકત હતા. તેઓ હંમેશા ભજન ગાવામાં મશગુલ રહેતા.

એકવાર હોળીનો ઉત્સવ આવ્યો. કેટલાક તોફાની છોકરાઓ તુકારામ પાસે આવ્યા. તેમની મજાક કરતો કહયું, ૬ એપ ભગતના આમ બરાડા ન પાડ છતાં તુકારામ તો ભજન ગાવામાં મશમુલ રહેતા. દુર્જન લોકોની તેમને પડી ન હતી. તુકારામે ભગતે ભજન બંધ કર્યુ તેથી પેલા તોફાની બારકશો ગુસ્સે ભરાયા તેમણે તુકારાને હેરામ કરવાનું શરૂ કર્યુ અને પાછળથી જઈ પકડી લીધું.

કેટલાકે તુકારામને બળજબરીથી પકડી રાખ્યા. બીજો વાળંદને બોલાવી લાગ્યો – વાળદે તેમનું માથું મુડી નાખ્યું મશ્કરા લોકોએ મુંડેલા માથે ચુનો ચોપડયો આટલું અધુરૂં હોય તેમ તેને ઉંધા ગધેડે બેસાડયા ગનામાં ભાતભાતનાં શાકભાજીનો હાર પહેરાવ્યો. પછી આવી કંઢગી હાલતમાં આખા ગામમાં ફેરવ્યા. તુંકારામ આટલું અપમાન થવા છતાં એક શબ્દ પણ બોલ્યો નહી.

તુકારામનાં પત્ની જીજીઈએ આ દ્રશ્ય જોયું. આખા ગામની સામે પોતાનાં પતિનું આવું અપમાન તેઓ જોઈ ન શકયા. તેમની આખો માંથી આછું વહેવા માંડયા. આ જોઈ તુકારામે તેમને શંત પાડતા કહયું, ''અરે ગાંડી કેમ રડે છે. આમાં કાઈ ખોટું થયું નથી.

'વઘેલા પાન કમાવાનાં પૈસા ન હતા. તો મહતમો કપછી ગયા સાથે સાથે માથાનો થયેલો ખોડો પણ ચુનો ચોપડવાનુ દુર થયો અને આપણા લગ્ન વખતે મારો વરઘોડો નહોતો નીકળ્યો, તો એ ઈચ્છા પણ આજે પુરી થઈ અને જો આ શાકભાજી બે – ત્રણ દિવસ સુધી રાંધીને ખાવા થશે.

**નામ : મકવાણા જય પી.**
**(ધોરણ : ૮ એ, શાળાનું નામ : શ્રીમતી પી.એન.વોરા વિદ્યાનિ કેતન)**

## આપો જવાબ...

**(૧) ચંદ્રયાન–૩ કયાંથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ?**
(એ) અમદાવાદ (ગુજરાત) (બી) આંધ્રપ્રદેશ (શ્રીહરિકોટા ભારત) (સી) રાજસ્થાન (ગુજરાત) (ડી) મુંબઈ (ભારત)
**(૨) સૌરમંડળનો સૌથી ગરમ ગ્રહ કયો છે ?**
(એ) પૃથ્વી (બી) ગુરૂ (સી) શુક્ર (ડી) સૂર્ય
**(૩) ભારતે પહેલીવાર પાકિસ્તાન સાથે કયારે યુધ્ધ કર્યુ હતુ ?**
(એ) ઈ.સ. ૧૮૪૭ (બી) ઈ.સ. ૧૯૯૪ (સી) ઈ.સ. ૧૯૪૭ (ડી) ઈ.સ. ૧૯૪૭
**(૪) અમરેલી કઈ નદીના કિનારે આવેલું છે ?**
(એ) શેત્રુંજી નદી (બી) ગંગા નદી (સી) મહા નદી (ડી) બ્રહ્મપુત્ર નદી
**(૫) મુસ્લિમોનું યાત્રાધામ મકકા કયાં દેશમાં આવેલું છે ?**
(એ) ભારત (બી) ચીન (સી) મહારાષ્ટ્ર (ડી) સાઉદી અરબ
**(૬) અલબર્ટ આઈસ્ટાઈન કોણ હતા ?**
(એ) કલાકાર (બી) એન્જિનિયર (સી) વૈજ્ઞાનિક (ડી) ડોકટર
**(૭) સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ કયો છે ?**
(એ) ગુરૂ (બી) શુક્ર (સી) પૃથ્વી (ડી) સૂર્ય
**(૮) વાયુમંડળની સૌથી ગરમ પરત કઈ છે ?**
(એ) થર્મોસિહિયર (બી)સૌરમંડળ (સી) કવામંડળ (ડી) બ્રહ્મમંડળ
**(૯) ચંદ્રયાન–૩ કયારે લોન્ચ થયુ હતુ અને કઈ તારીખે થયું હતું ?**
(એ) ૧૪ જુલાઈ ૧૦:૩૦ (બી) ૧૪ જુલાઈ ૨:૩૫ (સી) ૧૪ જુલાઈ ૭:૩૫ (ડી) ૧૪ જુલાઈ
**(૧૦) સૌરમંડળના કેટલા ગ્રહ છે ?**
(એ) ૧ (બી) ૪ (સી) ૮ (ડી) ૬

**જવાબ : (૧) આંધ્રપ્રદેશ (૨) સૂર્ય (૩) ઈ.સ. ૧૯૪૭ (૪) શેત્રુંજી નદી (૫) સાઉદી અરબ (૬) વૈજ્ઞાનિક (૭) ગુરૂ (૮) થર્મોસિરિયર (૯) ૧૪ જુલાઈ, ૨:૩૫ (૧૦) ૮ ગ્રહ**

**– મકવાણા રોમિલ જયોતિર્મયભાઈ (ધો.૬–બ)**

## સીંગલ પેરેન્ટ ચાઈલ્ડ

પશ્ચિમનાં દેશોમાં માતા કે પિતા બેમાંથી એકની જ પાસે બાળક રહેતું હોય અને ઉછરતું હોય એવા ઘણા કિસ્સાઓ છે. આપણા દેશમાં પણ અકસ્માતે કે વિવાદે એવું જોવામાં આવે છે કે બાળક માતા અને પિતા બેમાંથી એકનું છત્ર ગુમાવે છે.

આ પ્રકારનાં બાળકોને સિંગલ પેરેન્ટ ચાઈલ્ડ કહેવામાં આવે છે. એના વાલી તરીકેની ભૂમિકામાં માતા પિતામાંથી કોઈ એક જ હોય છે. આવા બાળકનાં ઉછેરમાં ઘણીવાર પોતાની માતા કે પિતા(જે નજીક નથી તે) પ્રત્યે બાળકને પૂર્વગ્રહો બંધાતા જાય છે. આવા સંયોગોમાં જેની પાસે બાળક ઉછરતું હોય એની એ જવાબદારી બની જાય છે કે પોતાના વ્યકિતગત કે સામાજિક એવા કોઈ પણ પ્રકારનાં પૂર્વગ્રહોથી બાળકનાં તાજગી સભર અને પ્રફુલ્લિત મનને મુકત રાખવું. એટલું જ નહિ શકય હોય તો જેની ગેરહાજરી છે એના પ્રત્યેનો સદ્ભાવ કેળવવો. આનાથી બાળકમાં સહિષ્ણુતા કેળવાશે અને પોતે માત્ર એકાધાર કે નિરાધાર હોવાની લાગણી ઓછી થશે. આવા કિસ્સામાં પેરેન્ટની ભૂમિકા ભજવનાર વડિલની જવાબદારી અત્યંત ગંભીર છે.

## બાળગીત

મને આભલે ચમકતો
ચાંદલો ગમે
એની આસપાસ નાના મોટા
તારલા રમે, મને...
મને શિયાળે સૂરજનો તડકો
ગમે તેની આસપાસ મારો
પડછાયો રમે, મને...
મને ઉનાળે સંધ્યાની સોબત
ગમે એની આસપાસ
લીલાપીળા રંગો રમે, મને...
મને ચોમાસે વીજળીના
ચમકારા ગમે એની આસપાસ
ઘનઘોર વાદળો રમે, મને...
મને ધરતીને ખોળે ઉગતા
છોડવા ગામે એની આસપાસ
પાંદડાને ફુલો રમે, મને...
મને માનવ મહેરામણના મેળા
ગમે એની આસપાસ નાના
મોટા બાળકો રમે, મને...


**– ચૌધરી પલક રાજેશભાઈ**
**ધો. ૬–બી.**
**શાળા : પી.એન. વોરા વિદ્યાની કેતન શાળા, અમરેલી.**

## ગીત : સોનાવરણી સીમ બની

સોનાવરણી સીમ બની
મેહુલલિયે કીધી મ્હેર રે
ભાઈ ! મોસમ આવી મહેનતની
નદિયુના જલ નીતર્યા
લોકોમાં લીલાલ્હેર રે ભાઈ ! મોસમ...
લીલો કંચન બાજરો
ને ઉજળો દૂધ કપાસ રે...ભાઈ ! મોસમ...
જુવાર લોથે ઝુમેઝુમે
ને હૈયામાં ઉલ્લાસ રે ભાઈ !...મોસમ...
ઉપર ઉજળા આભમાં
કુંજડિયુના કિલ્લોલ રે...ભાઈ ! મોસમ...
વાતા મીઠા વાયરા
ને લેતા મોલ હિલોળ રે...ભાઈ ! મોસમ...
લિયો પછેડી દાતરડા
આજ સીમ કરે છે સાદ રે ભાઈ ! મોસમ...
રંગેસંગે કામ કરીએ
થાય મલક આબાદ રે...ભાઈ ! મોસમ...
લીપીગૂંપી ખળા કરો
લાવી ઢગલે ઢગલા ધાન રે...ભાઈ ! મોસમ...
રળનારો તે માનવી
ને દેનારો ભગવાન રે... ભાઈ ! મોસમ...

**– પરમાર હેમાંશી, રાઠોડ એન્જલ, દાફડા સુહાના, ચૌહાણ નીતિ**
**(ધોરણ–૭)**

## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## હસવાની મનાઈ છે :

શિક્ષક : મહેનતનાં ફળ હંમેશા મીઠા હોય છે.
મનુ : સાહેબ, મેં ખુબ મહેનત કરીને લીંબુ તોડયું, પણ તે ખાટુ નીકળ્યું.

---

શિક્ષકઃ મનુ હોટનો સ્પેલિંગ બોલ તો !
મનુ : નથી આવડતો સાહેબ,
શિક્ષક : પાછલી બેંચ ઉપર ઉભો થઈ જા.
મનુ ઉભો થયો. તેણે પાછળ નજર કરી તો એક ચોટલીવાળો છોકરો જતો હતો. મનુએ બૂમપાડી, 'એ ચોટી, એ ચોટી....''
શિક્ષક : શાબાશ, સ્પેલિંગ આવડી ગયો. હવે બેસી જા.

---

કીડીઓએ સાઈકલની રેસ લગાવી હતી. સામે હાથી મળ્યો. બધી કીડીઓએ બૂમ મારી, 'એ જાડીયા મરવું છે તારે ?''

---

શિક્ષક : બંટી બોલ ૧૮૬૯ માં કઈ મહત્વની ઘટના બની હતી ? ઘટના બની હતી ?
બંટી : સર, આપણા રાષ્ટ્રપતિ ગાંધીજીનો જન્મ થયો હતો.
શિક્ષક : શાબાશ ! હવે એ જણાવ કે ૧૮૭૩ માં શું થયું હતું ?
બંટી : સર, ગાંધીજી ચાર વર્ષનાં થયા હતા.


---

ચિન્ટુ કલાસમાં જોરથી હસી રહયો હતો.
પિન્ટુ ઉભો થઈને બોલ્યો : ચૂપ
ચિન્ટુ : તું કોણ છે ?

---

પિન્ટુ : હું મોનિટર છું.
ચિન્ટુ : હું સી.પી.યુ. છું હવે બોલ.....


## આ મારું ચિત્ર છે



**દેવગાણીયા ધ્રુવિલ એ.**
**(ધોરણ–૪,અ)**



**મનીષા વિપુલભાઈ વાઘેલા**
**(ધોરણ–૭–શ્રી પાણિયા, પ્રા.શાળા, તા.જિ.અમરેલી)**



**અગ્રાવત રિયાબેન (શિક્ષક)**
**(રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)**



**વાઘેલા કિંજલ નરેશભાઈ**
**(ધોરણ–૫–શ્રી પાણિયા, પ્રા.શાળા,**

# સાવરકુંડલાનાં આંબરડી ખાતે ઉત્સાહભેર ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે તાજેતરમાં સરકારની યોજનાકીય ગ્રાન્ટમાંથી નવા બનેલ પંચાયત ભવનનું લોકાર્પણ અને અન્ય ગ્રાન્ટમાંથી રૂા.૬૧.૦૦ લાખના વિકાસ કામોનું ખાતમુહુર્ત તેમજ સ્થાનીક સહકારી મંડળીની વાર્ષીક સાધારણ સભા સાથે ત્રીવીધ કાર્યક્રમ સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની ખાસ ઉપસ્થિતમાં સંપન્ન થયેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત આંબરડી સેવા સહકારી મંડળીના પ્રમુખ અનેએ.પી.એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણી એ કર્યુ. ત્યાર બાદ સરપંચ તથા ગ્રામ પંચાયત સદસ્યઓ દ્વારા મંચસ્થ મહાનુભાવોને પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સ્વાગત સન્માન કરવામાં આવ્યુ હતુ. ત્યાર બાદ આંબરડી સેવા સહકારી મંડળીના અવસાન પામેલ સભાસદોના વારસદારોને રૂા.૨૫,૦૦૦ /– ની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોના પ્રાસંગીક વકતવ્યમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પોતાના વકતવ્યમાં એક સાથે રૂા.૬૧.૦૦ લાખના ૧૮ જેટલા વિકાસ કામોનું ખાત મુહુર્તના પ્રસંગને અભુતપુર્વ ગણાવ્યો હતો. સાથે આ કામો ગુણવત્તા યુકત થાય તે માટે ભારપુર્વક દરેક ગામલોકોને માહીતગાર કરેલ. અને ભવિષ્યમાં વધુ એક કરોડ રૂપીયાના વિકાસ કામોનું આયોજન થઈ રહયુ છે. તેમ જણાવેલ. અને તાલુકાના ૮ જેટલા આદર્શ ગામો બનાવવાની નેમ જાહેર કરેલી અને આંબરડી ગામના નેતૃત્વની સરાહના કરી હતી. ત્યાર બાદ સાંસદ નારણભાઈ કાછડીયા પોતાના વકતવ્યમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ વહિવટ અને રાષ્ટ્રના વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકારની જુદી જુદી યોજનાઓની વિસ્તૃત માહીતી આપી હતી. અને ભુતકાળમાં લોકોને જે પ્રકારની મુશ્કેલીઓ પડતી હતી તેમાંથી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ વાળી ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જીન વાળી સરકારે લોકોને મુકિત અપાવી છે. તેમ જણાવ્યુ હતુ. આ લોકાર્પણ, ખામુહુર્તના ત્રીવીધ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો જયંતીભાઈ પાનસુરીયા – ચેરમેન જીલ્લા સહકારી ખ.વે.સંઘ, અરૂણભાઈ પટેલ – વા.ચેરમેન અમરેલી જીલ્લા મ.સહકારી બેંક, પુનાભાઈ ગજેરા – ચેરમેન બાંધકામ સમિતિ, જી.પં.અમરેલી, પ્રેમજીભાઈ સેંજળીયા – ખાંભા તાલુકા પં.પુર્વપ્રમુખ અને અગ્રણી, જીલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગેદાની, લાલભાઈ મોર, રાણાભાઈ રાદડીયા, બી.એમ.ચોવટીયા – સભ્ય કિસાન મોરચા ગુજરાત પ્રદેશ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા પ્રભારી સંજયભાઈ રામાણી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનીધી લલીતભાઈ બાળધા, રાઘવભાઈ સાવલીયા – પ્રમુખ જમીન વિકાસ બેંક તાલુકા શાખા, તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઈ માલાણી, ચતુરભાઈ ગોંડલીયા, પ્રાંત અધિકારી ભાલારા મેડમ, મામલતદાર ગોહીલ, તાલુકા વિકાસ અધિકારી પરમાર, જિલ્લા પંચાયત બાંધકામ શાખાનાડી.અંસારી, પડસાળા, ગુજકોમાસોલ લાયઝન અધિકારી અતુલભાઈ કિકાણી, સહીત જુદા જુદા ગામના સરપંચઓ, તાલુકાની સેવા સહકારી મંડળીઓના પ્રમુખશ્રીઓ, મંત્રીઓ, અને સહકારી આગેવાનો અને અગ્રણીઓ સહીત બહોળી સંખ્યામાં ગામ નાગરીકો ઉપસ્થિત રહયા હતા. અંતમાં આભાર વિધી ગ્રામ પંચાયતના સરપંચ પ્રેમજીભાઈ બગડાએ કરી હતી. અને આ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન આંબરડી હાઈસ્કુલના પ્રિન્સીપાલ માલવીયા કર્યુ હતુ.

## પાના ૮ ઉપરનું ચાલું બ્રોડગેજ અભિયાન અંતર્ગત ઘંટારવ

લાઈન મળે તે માટે લડત ચલાવતા હોવા છતાં પણ હજુ સુધી તે નસીબ થતી જ નથી. આથી અમરેલીમાં શરૂ કરવામાં આવેલા મિશન બ્રોડગેજ અભિયાન દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે અનોખી રીતે બ્રોડગેજના મુદ્દે પોતાનો વિરોધ પ્રદર્શિત કરવામાં આવશે. આ માટે આગામી તા. ૨૧ના શ્રાવણ માસના પ્રથમ સોમવારે અમરેલી શહેર તેમજ આસપાસના વિસ્તારના લોકો સાંજના પઃ૪પ વાગ્યે નાગનાથ મહાદેવ મંદિરના દરવાજા પાસે એકઠા થશે અને જાહેરમાં ભગવાન ભોળાનાથના સાનિધ્યમાં સામૂહિક રીતે એક સાથે ઘંટારવ કરવામાં આવશે અને થાળીઓ પણ વગાડશે અને બ્રોડગેજ આપવા મુદ્દે વર્ષોથી લડત આપવા છતા કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા વહીવટી તંત્રને જગાડવા માટેનો પ્રયાસ કરવામાં આવશે અને લોકો પોતાની બ્રોડગેજના મુદ્દે લાગણી તથા માંગણી રજૂ કરશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ ઉમટી પડવા મિશન બ્રોડગેજ અભિયાન અમરેલી દ્વારા જણાવાયું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૫૨૬ |
| ૨ | ઘઉં | ૪૮૦ | ૪૯૧ |
| ૩ | ધાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૪ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| ૫ | બાજરો | ૩૧૫ | ૩૧૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૬૦૪ |
| ૨ | શિંગ મોટી | ૮૩૦ | ૧૬૩૯ |
| ૩ | શિંગદાણા | ૧૪૫૦ | ૨૨૦૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૮૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૫૪૦ |
| ૬ | તલ કાળા | ૧૬૦૦ | ૩૨૬૧ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૩૫૪ |
| ૮ | જુવાર | ૬૧૧ | ૯૨૪ |
| ૯ | ઘઉં બંસી | ૫૭૫ | ૫૭૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૪ | ૫૩૫ |
| ૧૨ | અડદ | ૬૦૦ | ૧૩૮૫ |
| ૧૩ | ચણા | ૮૩૫ | ૧૧૧૬ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૮૫૫ |
| ૧૫ | કપાસ | ૯૦૦ | ૧૬૩૧ |
| ૧૬ | એરંડા | ૧૧૦૧ | ૧૨૨૭ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૨૭૨ |
| ૧૮ | મેથી | ૧૧૫૦ | ૧૨૦૭ |
| ૧૯ | સોયાબીન | ૯૦૬ | ૯૨૯ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની સિવિલ હોસ્પિટલ ખાતેથી

સંબંધીને ટીફીન આપવા માટે આવેલ અને સીવીલ હોસ્પિટલના ગ્રાઉન્ડમાં પોતાનું મોટર સાયકલ બાઈક પાર્ક કરી સી.ટી.ની અંદર ટીફીન આપવા માટે જતા રહેલ બાદ ટીફીન આપી પરત ઘરે જવા માટે પોતાનું બાઈક લેવા જતા મળી આવેલ નહી. જેથી અમરેલી સીટી પોલીસને જાણ કરતા અમરેલી સીટી પોલીસની ટીમે તપાસ કરતા જાણવા મળેલ કે સદરહું બાઈક સીવીલ હોસ્પિટલમાં આવેલ વ્યકિત શરતચુકથી લઈને પોતાનાં ઘરે જતા રહેલ. તેમની ઓળખ કરી તપાસ કરતા જાણવા મળેલ કે અમરેલી સીવીલ હોસ્પિટલના ગ્રાઉન્ડમાં અન્ય એક હિરો કાળા કલરનું બાઈક પાર્ક કરેલ હાલતમાં હોય જે ભદ્રેશભાઈ શાંતીલાલ બોદર રહે. અમરેલી લઈને સીવીલ હોસ્પિટલ ખાતે આવેલ હતા અને પરત જતી વખતે શરતચુકથી પોતાનાં મોટર સાયકલની બદલે એક સરખા દેખાતા બાઈકનાં હિસાબે ખ્યાલ ન રહેતા શરતચુકથી જીજે–૧૪, એન.૮૮૨૭નું લઈ ગયેલ. જે પોલીસે તપાસ ચલાવી અરજદારને પોતાનું ગણતરીની કલાકોમાં શોધી આપી પરત કરેલ છે.

આ કામગીરી અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલા તથા એ.એસ.આઈ. હરેશસિંહ ડી. પરમાર, હેડ કોન્સ. રાજેન્દ્રભાઈ દકુભાઈ ચૌધરી, પો.કોન્સ. જગદીશભાઈ સાર્દુળભાઈ પોપટ, પો.કોન્સ. ચિંતનકુમાર કનૈયાલાલ મારૂ, પો.કોન્સ વનરાજભાઈ વલકુભાઈ માંજરીયા દ્વારા કરવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૮૬ | ૧૬૩૪ |
| ૨ | ઘઉં | ૪૦૫ | ૫૧૫ |
| ૩ | ચણા | ૯૦૮ | ૧૦૯૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી | ૮૦૧ | ૧૧૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૦૧ |
| ૩ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૬૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૫૦ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૩૨૦૫ |
| ૬ | કપાસ | ૧૦૬૦ | ૧૬૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૫ |
| ૯ | બાજરો | ૩૭૦ | ૪૨૫ |
| ૧૦ | જુવાર | ૫૭૫ | ૯૭૫ |
| ૧૧ | મકાઈ | ૫૦૩ | – |
| ૧૨ | ચણા | ૯૨૫ | ૧૧૧૫ |
| ૧૩ | તુવેર | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૧૪ | રાય/રાયડો | ૧૧૬૦ | – |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૨ |
| ૧૬ | સોયાબીન | ૯૦૦ | ૯૦૩ |

## પાના ૧ ઉપરનું ચાલું APMT પિપાવાવે નવો બેન્ચમાર્ક

"અમે ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષમતાઓ અને અપવાદરૂપ સેવાઓ ધ્વારા અમારા ગ્રાહકોને મૂલ્ય પુરૂં પાડવા પ્રતિબધ્ધ છીએ. અમે અમારા પોર્ટને વધુ સલામત, વધુ સારું અને મોટું બનાવવા સરહદો વટાવવા માટે સજજ છીએ."

## પાના ૮ ઉપરનું ચાલું રાજકીય આગેવાનોનો નિર્દોષ છુટકારો

કરેલી બળાત્કારની ફરિયાદ પાછી ખેંચી લે નહીતર તને તથા તારા પરિવારને જાનથી મારી નાખીશ. તેટલામાં આ કામના ફરિયાદીના પિતા છનાભાઈ સોમાભાઈ આવી ગયેલા અને તેની તથા આ કામના આરોપી ચંદુભાઈ પ્રેમજીભાઈ સંઘાણી વચ્ચે મારપીટ થયેલી. તે દરમિયાન આ કામના અન્ય આરોપી કાળુભાઈ વિઠ્ઠલભાઈ સંઘાણી તથા વિઠ્ઠલભાઈ ઘુસાભાઈ સંઘાણી બંને જણા લાકડી લઈને આવી ગયેલા અને તેઓને જેમફાવે તેમ ગાળો આપી લાકડીથી મારકૂટ કરી ઈજા પહોંચાડી તેમજ જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અને ધમકી આપી જતાં રહેલા. તે બાબતની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં જે તે સમયે નોંધાયેલી હતી.

આ અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં લખાવતા પોલીસે ભારતીય દંડ સહિતાની કલમ ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ) તથા ૩(૨)(૫)(અ) વિગેરે મુજબની ફરિયાદ નોંધેલી હતી અને ત્યારબાદ પોલીસે આ કામે તપાસ કરી આ કામના આરોપી વિરૂધ્ધ ઉપરોકત કલમો મુજબનું ચાર્જશીટ કરેલું. આ કામે રાજકીય આગેવાનો તથા ગામના આગેવાનો ધ્વારા અનેક પ્રયત્નો કરવા છતાં સમાધાન થયેલ નહી જેથી પણ આ કેસ ખૂબ ચર્ચાસ્પદ બનેલો.

આ કામે ચાર્જશીટ થયા પછી અમરેલીનાં એડીશનલ સેશન્સ જજ વાય.એ. ભાવસાર સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવાઓ રજુ કરવામાં આવેલ અને તેમ છતાં આ કામના ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ જતાં આ કામનાં આરોપી ચંદુભાઈ પ્રેમજીભાઈ સંઘાણી, કાળુભાઈ વિઠ્ઠલભાઈ સંઘાણી તથા વિઠ્ઠલભાઈ ઘુસાભાઈ સંઘાણીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તર્ફે અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૨૦ |
| ૨ | ચણા | ૭૪૫ | ૧૧૧૨ |
| ૩ | લસણ | ૭૦૦ | ૭૦૦ |
| ૪ | ચણા સફેદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૫ | સોયા | ૮૬૦ | ૯૧૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૧૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૨૨ |
| ૮ | તલ સફેદ | ૨૬૩૫ | ૩૩૦૬ |
| ૯ | અડદ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૧૦ | મગફળી | ૧૩૪૫ | ૧૫૩૫ |
| ૧૧ | ધાણા | ૧૧૨૫ | ૧૩૩૦ |
| ૧૨ | તુવેર | ૬૦૦ | ૬૦૦ |
| ૧૩ | બાજરો | ૩૨૦ | ૩૨૦ |
| ૧૪ | ડુંગળી | ૩૮૮ | ૩૮૮ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા પંચાયતનાં પૂર્વ સદસ્ય

છુટયા હતા તેમની શોધખોળ આદરી હતી.

આ બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ જાફરાબાદ તાલુકાનાં હેમાળ ગામે રહેતા ભાજપનાં આગેવાન દેવજીભાઈ ઠાકરશીભાઈ પડસાળા સહિત ૮ જેટલા લોકો આજે વ્હેલી સવારે હેમાળ ગામે પાણીનાં ટાંકાની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૫૧,૪૩૦ તેમજ મોબાઈલ ફોન નંગ–૬ કિંમત રૂા. ૫૪,૦૦૦ તથા એક ગાડી રૂા. ૪ લાખ તથા મોટર સાયકલ–૧ કિંમત રૂા. ૧૫ હજાર મળી કુલ રૂા. ૫,૨૦,૪૩૦નાં મુદામાલ સાથે ૬ જેટલા પતાપ્રેમીઓને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા હતા. જયારે દરોડા દરમિયાન ૨ આરોપી નાશી છુટયા હોય સ્થાનિક પોલીસે નાશી છુટેલા આરોપીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં ખાનગી શાળાઓમાં

અને જો કાંઈ અઘટિત બનાવ આ બાળકી સાથે બને તો કોણ જવાબદાર ? શાળામાં સીસીટીવી પણ કયાંય દેખાણા નહીં. જો કોઈ આવારા કામાંધ શખ્સને બાળકી આ આખા મકાનમાં એકલી છે એવી ગંધ આવી જાય તો શું થાય તેની કલ્પના પણ ધ્રુજારી લાવી દે છે. બીજું આ બાળકોના કહેવા મુજબ ધોરણ ૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓ જે છે તેને માત્રને માત્ર એક જ દિવ્યતાબેન નામના શિક્ષિકા અભ્યાસ કરાવે છે. બધા ધોરણના બાળકોને વારાફરતી અભ્યાસ કરાવે. સોમથી શનિ દરરોજ ફકત બે વિષય એક દિવસે ભણાવવાનાં એટલે કે સોમવારે ગણિત–વિજ્ઞાન પછી મંગળવારે ગુજરાતી, અંગ્રેજી આ રીતે દરેક વિષયનો વારો અઠવાડિયે એક વાર આવે.

આ બધો ખેલ સંચાલકને કેન્દ્ર સરકાર તરફથી મળતી આ બાળકોની આર.ટી.ઈ. અંતર્ગતની વાર્ષિક રૂપિયા ૧૫,૦૦૦ સુધીની મર્યાદામાં જે ગ્રાન્ટ મળે છે તે સીધે સીધી ઓળવી જવાનો છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આરટીઈ બાબતે એવું સ્વપ્ન છે કે સામાન્ય મજૂર, લારીવાળા, રિક્ષા ચલાવતા, અત્યંત સાધારણ પરિવારનાં બાળકો મોંઘીદાટ ફી વસૂલતી અને જયાં ફકત માલેતુંજાર ઉદ્યોગપતિઓના બાળકો જ ભણી શકે ત્યાં આ બીપીએલ એટલે કે ગરીબી રેખા નીચે જીવતા પરિવારના બાળકોને તે ખાનગી પ્રાથમિક શાળામાં ભણવાનું સ્વપ્ન સાકાર કરવા તેની જેટલી પણ ફી થતી હોય તે કેન્દ્ર સરકાર સીધે સીધી તે સ્કૂલના બેન્ક એકાઉન્ટમાં દર વર્ષે ચૂકવી આપે છે. હવે સરકારના ધ્યાન ઉપર નથી કે તેમનો આખે આખો હેતુ જ માર્યો જાય છે અને જેમની જવાબદારી છે તે બધા સ્થાનિક અધિકારીઓની મિલીભગત અને મીઠી નજરથી સરકારને અંધારામાં રાખવામાં આવે છે. અરે તાલુકા કક્ષાએ તો ઠીક જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીના હોદા ઉપર બેઠેલા પણ હોતા હે, ચલતા હૈ એવી ગોકળ ગાયની ગતિવાળી ઢીલી નીતિ અપનાવી રહ્યા છે. ત્રણ પ્રાથમિક શાળાને બંધ કરવાનો સ્વયં સ્પષ્ટ રિપોર્ટ સાવરકુંડલા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ એક મહિના પહેલા આપ્યો હોય છતાં ડીપીઈઓ એટલે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અમરેલીએ ત્રણેય શાળાના સંચાલક અને રિપોર્ટ રજૂ કરનાર અધિકારને રૂબરૂ બોલાવી સાવરકુંડલા પ્રાથમિક શિક્ષણ અધિકારીને કહ્યું કે આપણે આ ત્રણેય સંચાલકોને એક હજી ચાન્સ આપીએ..!!?

હવે એક શાળાને બિલ્ડીંગ જ નથી, બીજી શાળા એક રહેણાંકના એક જ ઓરડામાં ચાલે છે અને ત્રીજી શાળાનાં બિલ્ડીંગ નળિયાવાળું જર્જરીત હાલતમાં પુરાણું અને જોખમી છે. હવે આ લોકોને ચાન્સ એટલે બાળકોના જાન અને જીવનાં જોખમનાં ભોગે ચાન્સ. આ જિલ્લાના પદ ઉપર બેઠેલા અધિકારીઓની સમજ શકિત ઉપર પણ સવાલ ઊઠે છે. હવે આ જગ્યાએ આવી શાળાઓમાં આ અધિકારીઓના બાળકો જો અભ્યાસ કરતા હોય તો એ સાહેબ શું નિર્ણય લે !!?

કલેકટર અને ડીડીઓ અમરેલીના ધ્યાન ઉપર આ અખબારી અહેવાલો હજી સુધી નહિ આવ્યા હોય...?!!

# મોટા માચીયાળા અને રામપુર ગામે નવનિર્મિત શાળાનું લોકાર્પણ



અમરેલીમાં જનસુખાકારી અને પ્રજાલક્ષી વિકાસને લક્ષ્યમાં રાખીને કાર્યરત રાજય સરકારના વિકાસકાર્યો થકી છેવાડાના માનવીના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. વિકાસયાત્રાની આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓને સુવિધાયુક્ત શિક્ષણ મળે તેવા હેતુથી જિલ્લાના કુંકાવાવ તાલુકાના રામપુર અને અમરેલી તાલુકાના મોટા માચીયાળા ખાતે નવ નિર્મિત શાળાનું વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ નારણભાઈ કાછડિયાના હસ્તે લોકાર્પણ થયું હતું.ગુણવત્તાસભર શિક્ષણની યાત્રામાં અમરેલી જિલ્લામાં બનેલી આ નવનિર્મિત શાળાઓ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના ઘડતરમાં મહત્વનું પ્રદાન આપશે તેવો વિાસ નાયબ મુખ્ય દંડકએ વ્યક્ત કર્યો હતો. મહાનુભાવોએ અભ્યાસ ખંડમાં બેંચ પર બેસીને પોતાના શાળા જીવનના સંસ્મરણો વાગોળ્યા હતા અને શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપી હતી. જયારે અમરેલી જિલ્લાના રાંઢિયા ખાતે પંચાયતના વિવિધ વિકાસકાર્યોનું નાયબ મુખ્ય દંડક અને સાંસદના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતુ.નાયબ મુખ્ય દંડક વેકરિયાએ જણાવ્યું હતું કે,આ વિકાસકાર્યો થકી ગ્રામજનોની સુખાકારીમાં વધારો થશે. આ કાર્યક્રમમાં ગામના સરપંચઓ, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### વિધાનસભાનાં નાયબ મુખ્યદંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

# મોટા આંકડીયા ખાતે મારી માટી, મારો દેશ માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ યોજાયો

## શિલાફલકમ, પંચપ્રણ, પ્રતિજ્ઞા, વૃક્ષારોપણ કરવામાં આવ્યું



અમરેલી, તા.૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા.૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી 'મારી માટી મારો દેશ' ' માટીને નમન વીરોને વંદન' કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

આ કડીના ભાગરૂપે વિધાનસભાના નાયબ મુકયદંડક કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લાના કુંકાવાવ, વરસડા, ઈરીયા સહિતના ગામોમાં 'મારી માટી, મારો દેશ' 'માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમો યોજાયા હતા.

આ કાર્યક્રમમાં શિલાફલકમ, પંચપ્રણ પ્રતિજ્ઞા, વૃક્ષારોપણ, ધ્વજવંદન સહિતના કાર્યક્રમો શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સૌ ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયા હતા.

કાર્યક્રમમાં સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપીને હાથમાં માટી લઈને પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી હતી.

કાર્યક્રમ પ્રસંગે વસુધા વંદન અંતર્ગત વિવિધ ગામોમાં વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું હતુ.

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી રાષ્ટ્રવ્યાપી આ મહા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતના ગામડાઓના નાગરિકો જોડાઈ રહ્યા છે અને વધુ લોકો જોડાશે.

વિવિધ વિસ્તારોમાં અંદાજે ૧૦ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક છે. દેશના ૨.૫ લાખથી વધુ ગામોની માટી દિલ્હી ખાતે લઈ જઈને વીર – વીરાંગનાઓના સન્માનમાં અને વંદન અર્થે ભવ્ય અને દિવ્ય અમૃત વાટિકાનું નિર્માણ કરવામાં આવશે.

અમરેલી જિલ્લામાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડકએ વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલા કાર્યક્રમોમાં જોડાઈ નાગરિકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# બાબરા : પંચશીલ વિદ્યાલયમાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં ૭૭માં સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. શાળાના ટ્રસ્ટીઓ ધ્વારા ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી હતી.

શાળાના ટ્રસ્ટી મહેશભાઈ કોરાટ, અરવિંદભાઈ ધોળકીયા, ગોલતરભાઈ સહિત શાળાના શિક્ષક ભાઈ–બહેનોએ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. શાળામાં ટ્રસ્ટીઓ ધ્વારા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

### બિમ્સ આસ્થા હોસ્પિટલનાં સહયોગથી

# અમરેલીમાં આવતીકાલે લાયન્સકલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા સુપર સ્પેશ્યલીસ્ટી નિદાન કેમ્પ

## નામ નોંધાવીને કેમ્પનો લાભ લેવા અનુરોધ

અમરેલી,તા.૧૮

અનિયમીત અને ભાગદોડની જીવનશૈલીક અનેક શારિરિક બિમારીઓને નોતરે છે અને તેની સારવાર અને નિદાન માટે સમય–નાણાનો વ્યય થતો હોય તેવા સમયે માનવસેવાનાં કાર્ય સાથે સકળાયેલ "લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)" દ્વારા દર્દીનારાયણની સેવા માટે બિમ્સ આસ્થા હોસ્પિટલનાં સહયોગથી ખ્યાતનામ તબીબોનાં માર્ગદર્શન તળે તા.૨૦/૮/૨૦૨૩ને રવિવાર સવારનાં ૧૦ થી બપોરનાં ૧ સુધી બિમ્સ આસ્થા હોસ્પિટલ, સુખનાથ પરા, લીલીયા રોડ, અમરેલી ખાતે 'સુપર સ્પેશ્યાલીસ્ટી નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ છે.

જેનો શહેર–જિલ્લાનાં નગરજનોએ નામ નોંધણી સાથે બહોળી સંખ્યામાં લાભ લેવા જણાવાયેલ છે. આ નિદાન કેમ્પમાં (૧) કાડીયોલોજી હૃદયરોગનું નિદાન–ડો.વરૂણ સિમ્બલ, ડો.રાજેશકુમાર સિંઘ (૨) ડાયાબીટીસ, બીપી, થાઈરોઈડનું નિદાન, ડો.તપન ડોડીયા (૩) મગજ અને જ્ઞાનતતુંનું નિદાન, ડો.અશ્વિન લાઠીયા, (૪) ઘુટણ અને થાપાન ઓર્થોપેડીક નિદાન–ડો.હર્ષવર્ધનસિંહ જાડેજા, ડો.દિક્ષીત આર. ચૌધરી (૫) કમર તથા મણકાનું નિદાન–ડો.સુરેશ પરમાર(૬) પેટ તથા આતરડાનું નિદાન– ડો.વિજયરાજ ગોહિલ, (૭) કિડની નિદાન– ડો.નિલવ શાહ(૮) મોઢ અને જડબાનું નિદાન–ડો.હિરેન ડુગરાણી સહિતનાં તબીબો સેવા આપશે. બહોળી સંખ્યામાં કેમ્પનો લાભ લેવા દર્દીઓએ સમયસર નામ નોંધણી કરાવવા લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નાં પ્રમુખ લા.કિશોરભાઈ શિરોયા, સેક્રેટરી લા.ૠજુલભાઈ ગોડલીયા, ખજાનચી લા.બિમલભાઈ રામદેવપુત્રા અને પ્રોજેટક ચેરમેન લા.જયેશભાઈ પડયાની સંયુકત અખબારી યાદીમાં જણાવાયેલ છે.

# અમરેલી : દીપક હાઈસ્કુલ, સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ

અમરેલી, તા.૧૮

૭૭માં સ્વતંત્રતા દિવસની દિપક હાઈસ્કુલ રૂપાયતન ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટનાં સુવર્ણજયંતિ વર્ષની યાદગાર ઉજવણીનાં સંદર્ભે ૧૪ ઓગસ્ટનાં રોજ અખંડ ભારત સ્મૃતિદિન નિમિતે પી.એન.વોરા પ્રાથમિક શાળા અને દીપક હાઈસ્કુલનાં બાલમંદિરથી ધોરણ ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓ દ્વારા એક શામ દેશ કે નામ કાર્યક્રમ અંતર્ગત જુદા જુદા દેશભકિત ગીતો ઉપર અભિનય દ્વારા સ્વતંત્ર્યતા પર્વની આનંદ સભર ઉજવણી કરવામાં આવી હતી. તિરંગા યાત્રા, વકતવ્ય, નાટક જેવી પરંપરાગત પદ્ધતિથી તમામે સહુનાં દિલ જીતી લીધા હતા. તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને અતિથિગણે અખંડ ભારત સ્મૃતિદિન નિમિતે આનંદ ઉત્સાહપુર્વકની ઉજવણી સાથે ભારત માતા પુજન પણ કરેલ. આ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આદરણીય ડી.વાય.એસ.પી. ગોહિલ, સિટી પી.આઈ. વાઘેલા બાલ રોગ વિશેષજ્ઞ દવે, લલાડીયા, સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી રવજીભાઈ કાચા, રજનીભાઈ મહેતા, ભારતીય ગોહિલ વગેરેની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ ગરીમામય બની રહયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરિતાબેન દવે તથા રૂદ્ર મનીષભાઈ સિદ્ધપુરાએ કરેલ.

લગભગ સવાસો કરતાં વધુ વિદ્યાર્થીઓએ જુદી જુદી કૃતિઓમાં ભાગ લઈ પોતાનાં દેશપ્રેમને પ્રગટ કરેલ. તમામ વિદ્યાર્થીઓનું મોમેન્ટો અને સન્માન પત્રથી સન્માન કરવામાં આવેલ. સ્વતંત્રતા પર્વની પ્રભાતે શાળાનાં નિવૃત શિક્ષિકા બહેન વિજયાબેન સયાગોરનાં વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ શિક્ષકોએ ખુબ જ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન અશરફભાઈ પરમાર અને સરિતાબેન દવેએ કરેલ. તેમ આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવે છે.

# બાબરા : પાલિકા દ્વારા ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૮

બાબરામાં નગરપાલિકા પ્રમુખ રેખાબેન આંબલિયાના વરદ હસ્તે ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી. બાબરામાં નગરપાલિકા દ્વારા ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી અહીં વિવેકાનંદ વિધાલય ખાતે કરવામાં આવી હતી અહીં પાલિકા પ્રમુખ રેખાબેન આંબલીયા દ્વારા ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપી હતી ત્યારબાદ વિવેકાનંદ વિદ્યાલયના બાળકો દ્વારા રંગારંગ સાંકૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

ચીફ ઓફિસર રઘુવીર સિંહ ઝાલા,કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, લલિતભાઈ આંબલીયા, બાવકુભાઈ ત્રિવેદી, સહિત નગરપાલિકાના સભ્યો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# પ્રેમપરા ખાતે શ્રી સમસ્ત વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ વાર્ષિક સાધારણ સભા મળી



ધારી, તા.૧૮

ધારીનાં પ્રેમપરા ખાતે પ્રમુખ મહેન્દ્રભાઈ ગોંડલિયાનાં અધ્યક્ષ સ્થાને શ્રી સમસ્ત વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ ધારીની વાર્ષિક સાધારણ સભા મળી જેમાં ઉપ પ્રમુખ હરેશભાઈ આંબલીયા મહામંત્રી વિનોદ સરવૈયા ખજાનચી બાલુભાઈ સરવૈયા સહમંત્રી રસિકભાઈ ધંધુકિયા સહખજાંચી અશ્વિનભાઈ ગોંડલિયા તેમજ કારોબારી સમિતિનાં લાલજીભાઈ કટકિયા, રમેશભાઈ જીકાદરા, હરેશભાઈ જિકાદ્રા, તેમજ જ્ઞાતિ ટ્રસ્ટ મંડળનાં સભાસદોની ઉપસ્થિતિમાં મહામંત્રી વિનોદ સરવૈયા દ્વારા તા.૨૭/૭/૨૦૨૨ થી તા.૧૫/૮/૨૦૨૩ નો વાર્ષિક હિસાબી અહેવાલ પત્રક રજુ કરવામાં આવેલ જેમનું સર્વોની ઉપસ્થિતિમાં અહેવાલ વંચાણે લઈ ઉપસ્થિતિ જ્ઞાતિ ટ્રસ્ટ મંડળનાં દરેક સભાસદો અહેવાલ પત્રકનું એક એક નકલનું વિમોચન કરવામાં આવેલ તેમજ પ્રમુખ મહેન્દ્રભાઈ ગોંડલિયાના જ્ઞાતિ લક્ષી અર્ચાવિચાર્ણા સાથે ઉપસ્થિતિ સર્વોનો અભાર વ્યકત સાથે પુર્ણ કરવામાં આવેલ. એવું મહામંત્રી પ્રજાપતી વિનોદ સરવૈયાની યાદીમાં જણાવાયું.

# સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં સ્વાતત્ર્ય દિનની ઉજવણી




સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા ૭૭માં સ્વાતંત્ર્ય કે.કે.મહેતા સરકારી હોસ્પિટલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. અહી આર.એમ.ઓ. નાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરીમાં ૧૦૮ના સ્ટાફ પણ હાજર રહયા હતા.

સિવિલ અધિક્ષકએ સમગ્ર સ્ટાફને સ્વાતંત્ર્યદિનની શુભેચ્છા પાઠવી હતી.

# નારદ

## આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

એકંદરે તેઓ સૌના હિતચિંતક, સ્નેહાળ અને સૌને મદદકર્તા બનવાની ભાવનાવાળા હોવાથી સૌના પ્રિય બન્યા છે. સ્વર્ગ હોય કે પૃથ્વી, રાજા હોય કે ઋષિ. દાનવરાજ હોય કે અસુરરાજ, કોઈપણ સ્થળે તેમને કોઈએ રોકટોક તો નથી જ કરી, પણ બધે જ તેઓ માનભેર આવકાર પામ્યા છે. તેમના સલાહ–સચૂન અને યોગ્ય માર્ગદર્શન સૌને આશીર્વાદરૂપ નીવડયા છે. આ મહાન ભકતે જયાં અને જયારે અસુરોનો ત્રાસ પ્રબળ બન્યો છે. ત્યાં અને ત્યારે બુધ્ધિપૂર્વક, યુકિત– પ્રયુકિતથી ત્રાસ દૂર કરી શાંતિ સ્થાપી છે. તેથી જ તો તેમણે દેવો અને અસુરો, દાનવો બધા પાસેથી આવકાર મેળવ્યો છે.

નારદ ભલે શુદ્ર નારીના પુત્ર ગણાયા છે. પણ રાજા ચિત્રકેતુનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે તેને આશ્વાસ આપવા નિમિત્તે નારદે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો છે.

ભગવાન વ્યાસ વેદોના વિભાજન અને મહાભારતની રચના કર્યા બાદ પણ અસંતોષ અનુભવી ઉદાસ રહેતા. પ્રાણીઓનું કલ્યાણ શામા થાય તેની ચિંતા તેમને કોરી નાખતી, ત્યારે નારદજીએ તેમને ભાગવતતત્વનો ઉપદેશ આપ્યો હતો. નારદજીએ કહયું : "વ્યાસજી ! જે વાણી દ્વારા ભગવાનના યશ ન ગવાય એ વાણી શા કામની ? ભકિતભાવના વિહોણું જ્ઞાન દર્શાવતી વાણી તો સંસાર પર કરેલા વજ્રપાત સમાન છે આપ એવી અમૃતમય વાણીને વિસ્તાર આપો કે જેનું શ્રવણ કરી જીવાત્માઓ પાપમુકત બની ભગવાનની ભકિતના માર્ગે આગળ વધે." વ્યાસજીના "શ્રીમદ્ ભાગવત"માં ભકિતનો મહાસગાર ઘુઘવે છે તેમાં નારદજી મહત્વરૂપ નિમિત્ત છે.

પ્રજાપતિ દક્ષના હર્યશ્વ નામના દસ હજાર પુત્રો પિતાની આજ્ઞાથી સૃષ્ટિવિસ્તાર કરવા માટે તપ કરતા હતા. નારદજીને લાગ્યું કે આ બધા બાળકો તો ભગવતપ્રાપ્તિના અધિકારી છે. આથી નારદજીએ તેમને ઉપદેશ આપ્યો અને તે બધા વિરકત બની ગયા. આ સમાચાર સાંભળી દક્ષ દુઃખી થયા. તેમણે ફરીથી દસ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. શબલાશ્વ નામના આ દક્ષપુત્રો તપ કરતા હતા ત્યારે નારદજીએ ઉપદેશ દ્વારા તે સૌને પણ ભગવન્માર્ગના અગ્રેસર બનાવી દીધા. દક્ષ હવે ક્રોધે ભરાયા અને દેવર્ષિ નારદને શાપ આપ્યો : "હે નારદ ! બે ઘડીથી વધારે સમય તમે કોઈ એક સ્થળે રહી નહીં શકો." નારદજીએ આ શાપને સહર્ષ સ્વીકાર્યો તેમણે આ શાપ ઈશ્વરી સંકેત જોયો. આ શાપ દ્વારા ઈશ્વર પોતાની પાસે કોઈ સત્કાર્ય કરાવશે તેવું તેમને લાગ્યું. રાજા બર્હિને હિંસામય યજ્ઞો છોડાવી નારદજીએ અહિંસાનો બોધ આપયો છે. તો નારદજી ઈન્દ્રપ્રસ્થ પહોંચી યુધિષ્ઠિરને ધર્માનુકુલ રાજનીતિના પાઠ ભણાવે છે. (ભીષ્મ પર્વ : અધ્યાય ૨૧, શ્લોક ૧૨). વળી પાંડુપુત્રોને પણ તેમણે વ્યવહારુ સલાહ આપેલી કે દ્રૌપદી સાથેના લગ્નજીવનમાં કોઈ સમસ્યા ન થાય અને પાંચેય ભાઈઓમાં યથાતથ સ્નેહ અને સંપ જળવાઈ રહે તે માટે નિયમ બનાવવો જોઈએ. પાંડવો તેમાં સંમત થયા, સમયમર્યાદા બાંધી અને એ નિયમને તેઓ વળગી રહયા.

**દ્રૌપદ્યા : ન : સહાસીનમન્યોન્યં યો'ભિદર્શયેત્ ।**
**સ નો દ્વાદશ વર્ષાણિ બ્રહ્મચારી વને વસેત્ ॥**
**– આદિપર્વ (૨૦૪–૨૮)**

"અમારામાંથી એક ભાઈ દ્રૌપદી સાથે સહવાસમાં હોય ત્યારે બીજો ભાઈ ત્યાં પ્રવેશે તો તે બાર વર્ષ બ્રહ્મચારી થઈ વનમાં રહેશે."

ખુદ ભગવાન શ્રીકૃષ્ણે નારદ વિશે 'મહાભારત'માં કહયું છે : "નારદમાં શીલ, ચારિત્ર્ય, દક્ષતા, વિદ્વત્તા, અક્રોધ જેવા સજ્જનશીલ ગુણો વસે છે. નારદ સર્વ સંગોમાં પણ અનાસકત છે. દેખીતા ભલે આસકિતવાળા હોય.

"શ્રીમદ્ ભગવદ્ ગીતા"ના 'વિભૂતિયોગ' અધ્યાયમાં પણ કહયું : "દેવર્ષિણાં ચ નારદ : ।" "દેવર્ષિમાં હું નારદ છું." તો નારદે શ્રીકષ્ણ માટે કહયું છે. : 'ભગવાન શ્રીકૃષ્ણ સઘળા લોકોને ઉત્પન્ન કરવા વાળા અને સઘળા ભાવોને જાણવાવાળા છે. એ સાધ્યો અને દેવતાઓના પણ ઈશ્વર છે." (ભીષ્મપર્વ : ૬૮/૨) રાજા ઉગ્રસેન પાસે શ્રીકૃષ્ણે અકે સમયે નારદજીના ગુણોની પ્રશંસા કરતા કહયું : "દિવ્યદ્રષ્ટિસંપન્ન નારદજીનો મહિમા દર્શાવતા દેવરાજ ઈન્દ્રરચિત પવિત્ર સ્ત્રોતનો હું દરરોજ પાઠ કરું છું." (સ્કંદ. માહે. કુમારિકા. ૫૪/૨૭–૪૬)

'શ્રીમદ્ ભાગવત'માં યમરાજાએ પોતાના દૂતોને ભગવાનના જે મુખ્ય બાર નામ ગણાવ્યા છે તેમાં નારદનો સમાવેશ કર્યો છે :

**સ્વયંભૂ નારદઃ શંભુઃ કુમારઃ કપિલો મનુઃ**
**પ્રહ્લાદો જનકો ભીષ્મો બલિવૈયાસિકિર્વયમ્ ।**
**દ્વાદશૈતે વિજાનીમો ધર્મ ભાગવત : ભયઃ**
**ગુહ્યં વિશુદ્ધં દુર્બોધં યં જ્ઞાત્વામૃતમશનુતે ॥**
**– શ્રીમદ્ભાગવત : ૬/૩, ૨૦–૨૧**

# સા.કુંડલા પાલિકાનાં હેડકલાર્ક હરેન્દ્રકુમાર જોશીનું નિધન થયું



સાવરકુંડલા, તા.૧૮

સુર્યનો સુર્યોદય અને સુર્યાસ્ત જેમ નિત્ય ક્રમ છે. તેમ જ માનવીનો જન્મ અને મૃત્યુ સનાતન સત્ય છે. પણ અમુક મૃત્યુ જીવનમાં છાપ છોડીને જાય છે.

આવું જ આકસ્મિક નિધન સાવરકુંડલા નગરપાલિકા હેડ કલાર્ક હરેન્દ્ર કુમાર ધીરજલાલ જોશી ઉર્ફે જોષી દાદાનું થયું હતું.

સાવરકુડલા નગર પાલિકામાં ગમે તે પક્ષનું શાસન હોય પણ હેડ કલાર્કની પોસ્ટ પર ચાવી રૂપ કામગીરી, નૈતિકતા અને નીતિ મતાનાં ધારાધોરણને વરેલા જોષીદાદા શાસક પક્ષને સહુથી વ્હાલા લાગતા હતાને ચાર વર્ષ પહેલા પાલિકામાંથી નિવૃત થયેલા જોશી દાદાને ફરી એજ હેડ કલાર્કની પોસ્ટ પર માનદ વેતનથી પાલિકાનાં શાસકોએ રાખ્યા હતાને પાલિકાની દરેક કામગીરીઓ પર જોશી દાદાની વિકાસ લક્ષી નજર રહેતી હતીને દરેક સતાધીશોને હંમેશા સાવરકુંડલા શહેરની સમસ્યાઓની સુખાકારી સાથે સુખાકારી સગવડતાના નિવારણ લાવવાની નિપુણતા જોશી દાદામાં વણાયેલી હતી. આખી નગરપાલિકામાં કોઈપણ કાયમી કર્મચારી કે રોજમદાર કર્મચારીઓ હોય કે પછી સફાઈ કામદાર કે પાલિકાનાં ડ્રાઈવર હોય પણ દરેક મુશ્કેલીઓનો ઉકેલ જોશી દાદા પાસે જ આવતા હતા ને દરેક સમસ્યાનું નિરાકરણ લાવીને જપ્તા જોશી દાદા આજે નિત્યક્રમ મુજબ પાલિકાએ આવ્યા ને બપોરે જમવા ગયેલાને પરત પાલિકા કચેરીએ આવતી વેળાએ પોતાનાં ઘરે જ અચાનક હૃદય રોગનો હુમલો આવતા જોશી દાદાનાં ઈશ્વરનાં ધામમાં સિધાવી ગયેલા હતા. અચાનક જોશી દાદાનાં નિધનના સમાચાર વાયુવેગે પ્રસરી જતા પાલિકામાં શોકની લાગણીઓ વ્યાપી ગયેલ હતી ને પાલિકાનાં સતાધીશો અને કર્મચારીઓ સરકારી હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ત્યારે સદગત જોશી દાદાની વસમી વિદાય અને સંસ્કારી સ્વભાવને કારણે કર્મીઓની આંખોનાં ખુણાઓ પણ ભીના થઈ ગયેલા હતા.


લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા
બિમ્સ આસ્થા હોસ્પિટલ ના સહયોગથી
BIMS-AASTHA HOSPITAL

**સુપર સ્પેશ્યાલીટી નિદાન કેમ્પ ફ્રી**

તારીખ : ૨૦-૦૮-૨૦૨૩, રવિવાર | સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦

કાર્ડીયોલોજી હૃદયરોગની સારવાર – ડૉ. વરૂણ સિબ્બલ, હૃદયરોગના નિષ્ણાંત
હૃદયરોગને લગતા રોગોની સારવાર – ડૉ. રાજેશકુમાર સિંઘ, એસોસીએટ કન્સલટન્ટ – કાર્ડિયોલોજી
ડાયાબીટીસ, બીપી, થાઈરોઈડની સારવાર – ડૉ. તપન કોડીયા, ઇન્ટેન્સીવ કેર
મગજ તથા જ્ઞાનતંતુઓની સારવાર – ડૉ. અશ્વીન લાઠીયા, મગજ તથા જ્ઞાનતંતુઓના નિષ્ણાંત
ઘુંટણ તથા થાપાનાં રોગોની ઓર્થોપેડિક સારવાર – ડૉ. હર્ષવર્ધનસિંહ જાડેજા, સિનીયર ઓર્થોપેડિક તથા જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન | ડૉ. દિક્ષીત આર. ચૌધરી, ઓર્થોપેડિક તથા જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
કમર તથા મણકાની સારવાર – ડૉ. સુરેશ પરમાર, ટ્રોમા અને મણકાના (સ્પાઈન) સર્જન
પેટ તથા આંતરડાના રોગોની સારવાર – ડૉ. વિજયરાજ ગોહિલ, ગેસ્ટ્રો સર્જન
કિડનીને લગતા રોગોની સારવાર – ડૉ. નિલવ શાહ, કિડની રોગનાં નિષ્ણાંત
મોઢા અને જડબાના રોગોની સારવાર – ડૉ. હિરેન ડુંગરાણી, મોં, ચહેરા તથા જડબાનાં સર્જન

કેમ્પમાં બી.પી., સુગર રીપોર્ટ ફ્રી કરી આપવામાં આવશે. જુના રીપોર્ટ, ફાઈલ, એક્સ–રે, M.R.I. સાથે લાવવા.

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
• લાયન કિશોરભાઈ શિરોયા (પ્રમુખ)
• લાયન ઋજુલભાઈ ગોંડલીયા (સેક્રેટરી)
• લાયન બિમલભાઈ રામદેવપુત્રા (ખજાનચી)

પ્રોજેકટ ચેરમેન
લાયન જયેશભાઈ પંડયા
મો. ૯૮૯૮૦૫૨૫૮૧

કેમ્પની વધુ માહિતી માટે સંપર્ક
જીજ્ઞેશ ભટ્ટ
મો. ૯૬ ૩૮૫ ૩૮૫ ૨૧

સ્થળ : બિમ્સ આસ્થા હોસ્પિટલ, બી.એમ.ચોક, લીલીયા રોડ, અમરેલી. ફોન : ૯૬ ૩૮૫ ૩૮૫ ૦૫

## તંત્રના બહેરા કાન સુધી માંગ પહોંચાડવા માટે થશે પ્રયાસ

# અમરેલીમાં શ્રાવણનાં પ્રથમ સોમવારે બ્રોડગેજ અભિયાન અંતર્ગત ઘંટારવ

**આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી હોય જિલ્લાનું મુખ્ય મથક બ્રોડગેજ રેલ્વેથી વંચિત**

**દેશમાં બુલેટ ટ્રેનની માંગ વચ્ચે અમરેલી જિલ્લાને બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી નથી**

**સોમવારે સાંજે ૫–૪૫ કલાકે નાગનાથ મંદિરનાં દરવાજા પાસે એકત્ર થઈને ઘંટારવ કરાશે**

**શહેરીજનોને મિશન બ્રોડગેજ અભિયાનને સમર્થન આપવા અનુરોધ થયો**





પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૮

દેશમાં બુલેટ ટ્રેનના જમાનામાં હજુ સુધી બ્રોડગેજ લાઈન માટે વલખા મારતા અમરેલી શહેરના પ્રજાજનો દ્વારા પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભગવાન ભોળાનાથના સાનિધ્યમાં ઘંટારવ કરીને સૂતેલા તંત્રને જગાડવા માટેનો અનોખો કાર્યક્રમ આપવામાં આવશે.

અમરેલી જિલ્લામાં રાજુલા, સાવરકુંડલા, લીલીયા સહિતના તાલુકા મથકો અને નજીકમાં ચિત્તલ તથા ખીજડીયા જેવા ગામોમાં પણ બ્રોડગેજ લાઈન છે પરંતુ જિલ્લા મથક અમરેલીમાં હજુ પણ બ્રોડગેજ લાઈન આવી નથી. આ કારણે જિલ્લામાં લાંબા અંતરની કનેકટીવીટીના અભાવે જિલ્લાનો વિકાસ રૂંધાયો છે. હાલમાં બુલેટ ટ્રેનનો જમાનો છે અને ૩૫ કરતા વધુ વર્ષથી અમરેલીના લોકો બ્રોડગેજ

અનુસંધાન પાના ૬ ઉપર

## જાફરાબાદનાં હેમાળ ગામે જુગાર રમતા ઝડપાયા

# અમરેલી જિલ્લા પંચાયતનાં પૂર્વ સદસ્ય અને ભાજપનાં અગ્રણી સહિત ૬ આરોપી ઝડપાયા

**પોલીસે રૂપિયા ૫.૨૦ લાખનો મુદ્દામાલ જપ્તે કર્યો**

અમરેલી, તા. ૧૮

જિલ્લાનાં જાફરાબાદ તાલુકાનાં હેમાળ ગામે પાણી પુરવઠાનાં ટાંકાની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં આજે વ્હેલી સવારે કેટલાંક લોકો તીનપતીનો જુગાર રમે છે તેવી બાતમી મળતા અમરેલી એલસીબી પોલીસ ટીમે દરોડો પાડી જિલ્લા પંચાયતનાં મહિલા સદસ્યનાં પતિ અને ભાજપનાં આગેવાન સહિત ૬ આરોપીઓને રૂા. ૫,૨૦,૪૩૦નાં મુદામાલ સાથે ઝડપી



લીધા હતા જયારે ૨ આરોપી નાશી

અનુસંધાન પાના ૬ ઉપર

## એડીશ્નલ સેશન્સ જજનો ચુકાદો

# અમરેલીમાં ચકચારી બનેલ એટ્રોસીટીનાં કેસમાં રાજકીય આગેવાનોનો નિર્દોષ છુટકારો

**બચાવ પક્ષે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઈ અમરેલીનાં એડીશ્નલ સેશન્સ જજ વાય.એ. ભાવસાર દ્વારા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, આ કામના આરોપી ચંદુભાઈ પ્રેમજીભાઈ સંઘાણી તથા કાળુભાઈ વિઠ્ઠલભાઈ સંઘાણી તથા વિઠ્ઠલભાઈ ઘુસાભાઈ સંઘાણી કે જેઓ માળીલાનાં



રહેવાસી છે તેની સામે આ કામના ફરિયાદીએ તા. ૨૭/૫/૨૦૨૦નાં રોજ એવી ફરિયાદ આપેલી કે તેઓ જયારે તા. ૨૬/૫/૨૦૨૦નાં સવારના આશરે સાતેક વાગ્યે તેમના ઘરનું કામ કરતા હતા અને ત્યારે તેમના ઘરની પાછળ કચરો નાખવા ગયેલ ત્યારે આ કામના આરોપી નં. ચંદુભાઈ પ્રેમજીભાઈ સંઘાણીએ તેની મોટર સાયકલ લઈને આવેલ અને કહેલ કે મારા વિરૂધ્ધ ફરિયાદ કરી શું બગાડી લીધું તેમ કહી જ્ઞાતિ પ્રત્યે ગાળો આપી અને હડધુત કરીને વધુમાં કહેલ કે મારા વિરૂધ્ધ તે

અનુસંધાન પાના ૬ ઉપર

## વાડીમાં માલઢોર ચરાવવા બાબતે માથાકુટ

# ચાવંડનાં ખેડૂત ઉપર હુમલો કરી મુંઢ ઈજા કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૮

લાઠી તાલુકાનાં ચાવંડ ગામે રહેતા અને ખેતી કામ કરતા ગોરખભાઈ હાદાભાઈ ડેર નામનાં ૩૦ વર્ષિય ખેડૂતનાં મોટાભાઈએ તે જ ગામે રહેતા આરોપી રણછોડભાઈ હીરાભાઈ ભુવાને બે ત્રણ દિવસ પહેલા પોતાની વાડીમાં માલઢોર નહી ચરાવા તથા માલઢોર વાડીમાંથી બહાર કાઢી દુર ચરાવવાનું રહેલ તે વાતનું મનદુઃખ રાખી આરોપી લાલો વિહાભાઈ બાંભવા સહિત ૪ ઈસમોને સારૂ ન લાગતા અને તે બાબતનું મનદુઃખ રાખી ખેડૂત યુવક ગોરખભાઈ હાદાભાઈ ડેર પોતાનાં હવાલાવાળ મોટર સાયકલ લઈ આજે સવારે ચાવંડ ગામની સીમમાં શેખપીપરીયા જવાનાં રસ્તે કાળુભાઈ હીરાભાઈની વાડી પાસે રોડ ઉપર નિકળ તા આરોપીઓએ ખેડૂતને ગાળો આપી બોલાચાલી કરી ઝપાઝપી કરી આરોપીએ ખેડૂતનાં માથાનાં ભાગે કુહાડીનો એક ઘા કરી મોટર સાયકલ ઉપરથી પછાડી દઈ જીવતો નહી જવા દેવાનું કહી ફરીનાં માથા ભાગે મારી નાખવાનાં ઈરાદે જીવલેણ હુમલો કરી એક ઘા કુહાડીનો કરી તથા લાકડી વડે ખેડૂતનાં બન્ને હાથ તથા બન્ને પગનાં સાથળ ઉપર લાકડીઓ વડે માર મારી મુંઠ ઈજા કરી તથા પગનાં નળાનાં ભાગે કુહાડીનાં ત્રણ ચાર ઘા મારી બન્ને પગમાં ફેકચર જેવી ઈજાઓ કરી ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાય છે.

## એસ.પી.ની સુચનાથી પોલીસ સર્વેલન્સ ટીમની કામગીરી

# અમરેલીની સિવિલ હોસ્પિટલ ખાતેથી ગુમ થયેલ બાઈકને શોધી લેવાયુ

**શરતચુકથી બાઈક બદલાઈ ગયાનું બહાર આવ્યું**



અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા જિલ્લામાં બનતા મિલકત સંબંધીત ગુમનાં બનાવોમાં ત્વરીતપણે પગલા લઈ ગુમ થયેલ મિલકત શોધી મુળ માલીકને પરત કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલાની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલનસ ટીમ દ્વારા ટેકિનીકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી શોધી અરજદારને ગણતરીની કલાકોમાં પરત કરેલ છે.

આ બનાવમાં મધુભાઈ મુળજીભાઈ માધડ (રહે. લાલાવદર) વાળા પોતાની માલિકીનું મો.સા. બાઈક હિરો પ્લેઝર જેના રજી.નં. જીજે–૧૪, એન. ૮૮૨૭ કાળા કલરવાળુ લઈને ગત તા. ૧૬ ના રોજ અમરેલી સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ પોતાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ચલાલા નજીક આવેલ

# માણાવાવ ગામની સીમમાં તીનપત્તીનો જુગાર રમતા 3 વ્યકિત ઝડપાયા

**પોલીસે રોકડ રકમ રૂા. ૫૨૫૦૦ની મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા ગામે શિવાજીનગરમાં રહેતા અશ્વિનભાઈ ગોકુળભાઈ કથીરીયા સહિત ૬ ઈસમો ધારી તાલુકાનાં માણાવાવ ગામે મોરઝર જવાના માર્ગ ઉપર સરકારી પડતર જમીનમાં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતાં હોય. આ અંગે ચલાલા પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૫૨૫૦૦ સાથે ૩ આરોપીને ઝડપી લીધા હતા. જયારે ૩ આરોપી નાશી છુટયા હોય પોલીસે તેમની પણ શોધખોળ આદરી છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
- જીંદગી જીવવાની બે રીત -
કાં તો કોઈ એક ખૂણે રડી લેવું,
અથવા જીંદગીના દરેક ખૂણે લડી લેવું.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

## સ્પેશ્યલ ઓપરેશન ગૃપનો સપાટો

# સાવરકુંડલાનાં મોબાઈલનાં વેપારીની બિલ વગરનાં મોબાઈલ સાથે અટકાયત

**૮ મોબાઈલ કિંમત રૂપિયા ૨૮ હજારનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા. ૧૮

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લામાં ગેરકાયદેસર રીતે વેચાણ થતાં મોબાઈલ ફોન તથા ગેરકાયદેસરની પ્રવૃત્તિ અટકાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને એસઓજી પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસઓજી ટીમને અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર મોબાઈલ ફોન જરૂરી આધાર–પુરાવા કે બીલ વગરનાં વેચાણ કરતાં ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને એસઓજી ટીમ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એટીએસ ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકીકત મળેલ કે સાવરકુંડલા ટાઉનમાં મણીભાઈ ચોક પાસે આવેલ ઓપો હરસિધ્ધ નામની



મોબાઈલની દુકાને બિલ વગરનાં મોબાઈલનું વેચાણ કરે છે. તેવી ચોકકસ અને આધારભુત બાતમી હકીકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતાં નિલેશભાઈ મગનભાઈ જોળીયાને અલગ–અલગ કંપનીનાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૮ કિંમત રૂા. ૨૮,૦૦૦નાં મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
વકીલ ઓધવજી દુર્લભ સંઘવી પ્રવૃત્તિ કેન્દ્ર અને ગોળ હોસ્પિટલના સયુંકત ઉપક્રમે
સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ
તારીખ : ૨૦/૦૮/૨૦૨૩
સમય : સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦



સ્થળ : રળિયાત બા ઘર, આંબલી શેરી - ધારી
કેમ્પમાં સેવા આપનાર ડોકટરોની ટીમ
ડો. જાગૃતિ ચાંડપા (MD -Physician)
ડો. અંકિત ગાબાણી (MBBS, D. Ortho.)
TKR
ડો. નિત ચોટાઈ (MBBS,MS, DrNB-Urology)
ડો. પુજા ચોટાઈ (MBBS,MS -Ophthal)
ડો. કાજલ બગડા (MS - Ayu.)
ડો. અવની ઠેસાણી (MBBS, DGO - Gynac.)
ડો. કલ્પેશ વઘાસિયા (MB., DCH - Ped)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99045 93355 / 88491 09784

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)